Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ ફાલ્ગુન. આત્મ સં. ૩૪. અંક ૮ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ પ્રેરણાત્મક ગુણાનુવાદ... | ૧૯૯ | ૭ ધર્મનાવ.... | ૨૧૦ |
| ૨ શ્રી તીર્થાધિરાજ નામસાર્થક તત્ત્વ-દોહન. | ૨૦૦ | ૮ ભૂલ્યો બાજી. | ૨૧૧ |
| ૩ ગુરૂતત્ત્વાષ્ટકમ્ | ૨૦૧ | ૯ જયજિનાગમ | ૨૧૪ |
| ૪ સમકિતની ૭ ભાવના... | ૨૦૨ | ૧૦ વર્તમાન સમાચાર.... | ૨૧૪ |
| ૫ શ્રી સંઘ મહાત્મ્ય. | ૨૦૩ | ૧૧ આત્મવિશ્વાસ. | ૨૧૫ |
| ૬ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યનું મહાત્મ્ય.... | ૨૦૯ | ૧૨ બોધવચનો વગેરે. | ૨૧૮ ૨૧૯ ૨૨૦ |
| | | ૧૩ સ્વીકાર સમાલોચના, અને સુધારો. | ૨૨૧ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. જલદી મંગાવો. તૈયાર છે.

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

## प्रथमोंऽशः । ( धम्मिल्लहिण्डिगर्भितः )

સંપાદકો તથા સંશોધકો–આદ્યાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી શિષ્ય-રત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. અનેક પૂજાઓમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષતો અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. તેનો યશ સંપાદક મહાત્માઓ તથા સહાયદાતા બંધુઓને જ ઘટે છે. ગયા વર્ષના માગશર માસના આત્માનંદ પ્રકાશ માસિકના ટાઇટલમાં જણાવ્યા મુજબ માત્ર જ્ઞાનભંડારો તથા તેના ખપી મુનિ મહારાજાઓના ઉપયોગ માટે જ, આર્થિક સહાય આપનાર બંધુઓની ઇચ્છા મુજબ આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા [ પોસ્ટેજ જુદું ] રાખવામાં આવેલ છે આ પ્રથમ વિભાગ ઉંચા ક્રોક્ષણી લાયન બ્લુલેજર પેપર (કાગળ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં આ ગ્રંથ માટે ખાસ ટાઇપો તૈયાર કરાવી, સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો [અક્ષરો] માં છપાવેલ છે. પ્રથમ ગ્રાહકો કેટલાક થયેલા છે, થોડી નકલો બાકી છે. ઇતિહાસિક પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, સુકૃતની લક્ષ્મીનો વ્યય અને મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે.

---

શેઠ હરજીવનદાસ દીપચંદની આર્થિક સહાયવડે છપાઇ તૈયાર થયેલ

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે આપેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે, કે જે પ્રતિભાશાળી હોઇ વાંચકના આત્માને શાંતરસ ઉત્પન્ન કરાવી, પુણ્યપ્રભાવી બનાવી, મોક્ષમાર્ગ સન્મુખ લઇ જનાર છે. એકંદર રીતે આ ઉચ્ચ શૈલીનું પરમાત્માનું ચરિત્ર પઠન પાઠન કરવા જેવું હોઇ દરેક જિજ્ઞાસુઓ પાસે હોવું જોઇએ. ક્રાઉન સોળ પેજી ચારશેંહ પાનાનો ઉંચા એન્ટીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, સુંદર બાઇંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ } શેઠ દીપચંદ ગાંડાભાઇની સીરીઝ નં૦ ૧ [ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના અંકનો વધારો.

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તરફથી

## પ્રકટ થયેલ ગ્રંથોનું

( જેમાં સંસ્કૃત, માગધી, ગુજરાતી ભાષાના તથા જૈન ઐતિહાસિક વિગેરે છે. )

# સૂચીપત્ર.



આત્મ સંવત ૩૩

વીર સંવત ૨૪૫૫ વીક્રમ સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ( સંસ્કૃત માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

+૧ શ્રી સમવસરણ સ્તવઃ ... ૦-૧-૦
+૨ ક્ષુલ્લક ભવાવલિ પ્રકરણમ્ ... ૦-૧-૦
+૩ શ્રી લોકનાલિદ્વાત્રિંશિકા ... ૦-૨-૦
+૪ શ્રી યોનિસ્તવઃ ... ... ૦-૧-૦
+૫ શ્રી કાલસપ્તતિકાભિધાન પ્રકરણમ્ ૦-૧-૬
+૬ દેહ સ્થિતિ સ્તવઃ ... ... ૦-૧-૦
+૭ શ્રી સિદ્ધદંડિકા ... ... ૦-૧-૦
+૮ શ્રી કાયસ્થિતિ સ્તોત્રાભિધાન પ્રકરણમ્ ... ... ... ૦-૨-૦
+૯ શ્રી ભાવપ્રકરણમ્ ... ... ૦-૨-૦
+૧૦ નવતત્ત્વભાષ્ય ... ... ૦-૧૨-૦
+૧૧ વિચાર પંચાશિકા ... ... ૦-૨-૦
+૧૨ બંધ ષટ્ત્રિંશિકા ... ... ૦-૨-૦
+૧૩ પરમાણુ ખન્ડ ષટ્ત્રિંશિકા—પુદ્ગલ ષટ્ત્રિંશિકા—નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... ૦-૩-૦
+૧૪ સાવચૂરિકં શ્રાવકવ્રતભંગ પ્રકરણમ્ ... ... ... ૦-૨-૦
-૧૫ દેવ વન્દન—ગુરૂવન્દન—પ્રત્યાખ્યાન ભાષ્યત્રયમ્ ... ... ... ૦-૫-૦
૧૬ સિદ્ધ પંચાશિકા ... ... ૦-૨-૦
૧૭ અન્નાય ઉંચ્છ] કુલકમ્ ... ૦-૨-૦
૧૮ વિચાર સપ્તતિકા ... ... ૦-૩-૦
૧૯ અલ્પ બહુત્વગર્ભિતં શ્રી મહાવીર સ્તવનમ્ ... ... ... ૦-૨-૦
૨૦ પંચસૂત્રમ્ ... ... ... ૦-૬-૦
૨૧ શ્રી જમ્બૂસ્વામિ ચરિતમ્ ... ૦-૪-૦
૨૨ શ્રી રત્નપાલ નૃપકથાનકમ્ ... ૦-૫-૦
૨૩ સૂક્ત રત્નાવલી ... ... ૦-૪-૦
૨૪ મેઘદૂત સમસ્યા લેખઃ ... ૦-૪-૦
૨૫ ચેતોદૂતમ્ ... ... ... ૦-૪-૦
+૨૬ શ્રી : પર્યુષણા પર્વાષ્ટાન્હિકા વ્યાખ્યાનમ્ ... ... ... ૦-૬-૦
+૨૭ ચંપકમાલા કથા ... ... ૦-૬-૦
+૨૮ સમ્યકૃત્વ કૌમુદી ... ... ૦-૧૨-૦
+૨૯ શ્રાદ્ધ ગુણવિવરણમ્ ... ૧-૦-૦
+૩૦ ધર્મ રત્ન પ્રકરણમ્ ... ... ૦-૧૨-૦
+૩૧ શ્રી કલ્પસૂત્રમ્ સુબોધિકા ... ૦-૦-૦
+૩૨ ઉત્તરાધ્યયનસૂત્ર ... ... ૫-૦-૦
+૩૩ ઉપદેશ સપ્તતિકા ... ... ૦-૧૩-૦
+૩૪ કુમારપાળ પ્રબન્ધ ... ... ૧-૦-૦
+૩૫ શ્રી આચારોપદેશ ... ... ૦-૩-૦
+૩૬ શ્રી રોહિણી-અશોકચંદ્ર કથા ૦-૨-૦
+૩૭ ગુરૂ ગુણ ષટ્ ત્રિંશત્ ષટ્ત્રિંશિકા કુલકમ્ ... ... ... ૦-૧૦-૦
+૩૮ શ્રી જ્ઞાનસાર [illegible]... ... ૧-૪-૦
૩૯ સમયસાર પ્રકરણમ્ ... ૦-૧૦-૦
+૪૦ સુકૃત સાગર... ... ... ૦-૧૨-૦
+૪૧ ધમ્મિલ કથા... ... ... ૦-૨-૦
૪૨ પ્રતિમા શતકમ્ ... ... ૦-૮-૦
+૪૩ ધન્ય કથાનકમ્ ... ... ૦-૨-૦
+૪૪ ચતુર્વિંશતિ જિનસ્તુતિ સંગ્રહ ૦-૬-૦
+૪૫ રૌહિણેય—કથાનકમ્... ... ૦-૨-૦
+૪૬ લઘુક્ષેત્ર સમાસ પ્રકરણમ્ ... ૧-૦-૦
+૪૭ બૃહત્સંગ્રહણી ... ... ૨-૮-૦
+૪૮ શ્રાદ્ધ વિધિ ... ... ... ૨-૮-૦
+૪૯ ષડ્ દર્શન સમુચ્ચયઃ ... ૩-૦-૦
+૫૦ પંચ સંગ્રહ ... ... ... ૩-૮-૦
૫૧ સુકૃત સંકીર્તનમ્ ... ... ૦-૮-૦
+૫૨ સટીકાશ્ચત્વારઃપ્રાચીનાઃ કર્મગ્રન્થા ૨-૮-૦

---

\+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૩ સમ્બોધ સપ્તતિઃ ... ... ૦–૧૦–૦
+૫૪ કુવલયમાલા કથા ... ... ૧–૮–૦
૫૫ સામાચારી પ્રકરણુ, આરાધક વિ-
રાધકચતુર્ભંગી પ્રકરણમ્ ... ૦–૮–૦
૫૬ કરૂણા વજ્રાયુદ્ધ નાટકમ્ ... ૦–૪–૦
+૫૭ કુમારપાળ ચરિત્ર મહાકાવ્યમ્ ૦–૮–૦
૫૮ મહાવીર ચરિયં ... ... ૧–૦–૦
૫૯ કૌમુદી મિત્રાનન્દમ્ ... ... ૦–૬–૦
૬૦ પ્રબુદ્ધ રૌહિણેયમ્ ... ... ૦–૫–૦
૬૧ ધર્માભ્યુદયમ ... ... ... ૦–૪–૦
૬૨ પંચનિર્ગ્રન્થીપ્રજ્ઞાપનોપાંગ તૃતીય
પદ સંગ્રહણી પ્રકરણ ... ૦–૬–૦
૬૩ રયણુસેહરી કહા ... ... ૦–૬–૦
૬૪ સિદ્ધ પ્રાભૃતં સટીકમ્ ... ૦–૧૦–૦
૬૫ દાનપ્રદીપ ... ... ... ૨–૦–૦
૬૬ બંધહેતૂદય ત્રિભંગી પ્રકરણ ૦–૧૦–૦
૬૭ ધર્મ પરીક્ષા ... ... ... ૧–૦–૦
૬૮ સપ્તતિશત સ્થાન પ્રકરણમ્ ... ૧–૦–૦
૬૯ ચેઇઅ વંદણ મહાભાસં ... ૧–૧૨–૦
૭૦ પ્રશ્ન પદ્ધતિનામા ગ્રન્થઃ ... ૦–૨–૦
+૭૧ શ્રી કલ્પસૂત્રમ્ કિરણાવલી ... ૦–૦–૦
૭૨ યોગદર્શન તથા યોગવિંશિકા ૧–૮–૦
૭૩ મંડલ પ્રકરણ ... ... ૦–૪–૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણમ્ ... ૦–૧૨–૦
૭૫ ચન્દ્રવીરશુભા–ધનધર્મ–સિદ્ધ–
દત્તકપિલ–સુમુખ નૃપાદિમિત્ર
ચતુષ્ક–કથા ચતુષ્ટયમ્ ... ૦–૧૧–૦
૭૬ જૈન મેઘદૂતમ્ ... ... ૨–૦–૦
૭૭ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ ... ૦–૮–૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચયઃ ... ... ૩–૦–૦
૭૯ ચતુર્વિંશતિ 'ઐંદ્રસ્તુતિ' ... ૦–૪–૦
વસુદેવ હીંડી. ભાગ ૧ લો... છપાય છે.

## ( વગર નંબરના )

૧ સુમઢ ચરિત્ર ... ... ૦–૨–૦
+૨ જલ્પ મંજરી ... ... ... ૦–૨–૦
+૩ સુદર્શના ચરિત્ર ( પ્રથમભાગ ) ૦–૬–૦
૪ અનુત્તરોવવાઈ સૂત્ર ... ... ૦–૬–૦
૫ નળ દમયંતી મૂળ ... ... ભેટ.
+૬ જૈન વૃત્ત ક્રિયા વિધિ. ... ભેટ.
+૭ સાધુ આવશ્યક ક્રિયાના સૂત્રો ભેટ.
૮ નયોપદેશ ... ... ... ૧–૦–૦
૯ શ્રીપાળ ચરિત્ર ... ... ૦–૪–૦
૧૦ ગાંગેય ભંગ પ્રકરણ ... ... ૦–૪–૦
૧૧ મૃગાંક ચરિત્ર ... ... ... ૦–૪–૦

## પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.

+૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી ... ... ૧–૦–૦
+૨ કૃપારસકોશ ... ... ૧–૦–૦
+૩ શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ... ૦–૧૦–૦
+૪ પ્રાચીન જૈન લેખ.સંગ્રહ ભાગ ૧ લો. ... ... ... ૧–૦–૦
૫ દ્રૌપદી સ્વયંવરમ્ ... ... ૦–૪–૦
૬ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા.૨ જો ૩–૮–૦
૭ જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય
સંચય. ... ... ... ૨–૧૨–૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના–ભાષાંતર વિગેરેના ગ્રંથો.

૧ શ્રી જૈન તત્વાદર્શ ... ... ૫–૦–૦
૨ શ્રી નવતત્વનો સુંદરબોધ. ... ૦-૧૦-૦
+૩ દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રાર્થ ૦–૩–૦
૪ શ્રી જીવવિચાર વૃત્તિ ... ... ૦–૬–૦
+૫ શ્રી અજ્ઞાનતિમિર ભાસ્કર ... ૨–૮–૦
+૬ શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
+૭ વિવિધ પૂજા સંગ્રહ ... ... ૧–૮–૦
૮ શ્રી દંડક વૃત્તિ... ... ... ૦–૮–૦
૯ શ્રી નયમાર્ગ દર્શક ... ... ૦-૧૨-૦
૧૦ હંસ વિનોદ ... ... ... ૦-૧૨-૦
+૧૧ વિવિધ પૂજાસંગ્રહ બીજી આવૃત્તિ ૧–૮–૦
૧૨ કુમાર વિહાર શતક ... ... ૧–૮–૦
૧૩ શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર
બીજી આવૃત્તિ... ... ... ૦–૮–૦
૧૪ શ્રી જૈન તત્વસાર મૂળ તથા
ભાષાંતર. ... ... ... ૦–૬–૦
+૧૫ ,, ભાષાંતર ... ... ૦–૨–૦
૧૬ શ્રી આત્મ વલ્લભ જૈન ...
સ્તવનાવલી ... ... ... ૦–૬–૦
૧૭ શ્રી મોક્ષપદ સોપાન ... ... ૦-૧૨-૦
૧૮ ધર્મ બીન્દુ ગ્રંથ આવૃતી બીજી ૨–૦–૦
૧૯ શ્રી પ્રશ્નોત્તર પુષ્પમાળા ... ૦-૧૪-૦
+૨૦ ધ્યાન વિચાર ... ... ... ૦–૩–૦
૨૧ શ્રી શ્રાવક કલ્પતરૂ ... ... ૦–૬–૦
૨૨ શ્રી આત્મપ્રબોધ ભાષાંતર ... ૨–૮–૦
+૨૩ શ્રી આત્મોન્નતિ ... ... ૦-૧૦-૦
+૨૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ... ૦–૬–૦
૨૫ શ્રી જંબુસ્વામિ ચરિત્ર ... ૦–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ. ... ... ૧–૦–૦
૨૭ શ્રી નવાણું પ્રકારી પૂજા ...
( અર્થ સહિત ) ... ... ૦–૮–૦
૨૮ શ્રી તપોરત્ન મહોદધિ ભા.૧–૨. ૧–૦–૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ. ... ૦–૪–૦
+૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ભાષાંતર ૨–૦–૦
૩૧ શ્રી ચંપકમાળા ચરિત્ર ... ૦–૮–૦
+૩૨ કુમારપાળ ચરિત્ર ... ... ૦–૬–૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર ... ૧–૦–૦
૩૪ શ્રી પ્રકરણ પુષ્પમાળા ...
( દ્વિતીય પુષ્પ ) ... ... ૦–૮–૦
+૩૫ શ્રી અનુયોગદ્વાર સૂત્ર... ... ૦–૫–૦
૩૬ શ્રી અધ્યાત્મમત પરિક્ષા ... ૦–૪–૦
૩૭ શ્રી ગુરૂ ગુણમાળા ... ... ૦–૬–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી. ૦–૫–૦
+૩૯ શ્રી આત્મ કાન્તિ પ્રકાશ ... ૦–૪–૦
૪૦ શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ ... ૦–૮–૦
+૪૧ શ્રી દેવભક્તિમાળા પ્રકરણ ... ૧–૦–૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ... ... ૧–૦–૦
૪૩ શ્રી સંબોધ સપ્તતિકા ... ... ૧–૦–૦
૪૪ શ્રી પંચ પરમેષ્ટિ ગુણ રત્નમાળા ૧–૮–૦
૪૫ સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની
કથા. ... ... ... ... ૧–૦–૦
૪૬ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર ... ૨–૦–૦
૪૭ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૧લો ૨–૦–૦
૪૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો ... ૧–૦–૦
૪૯ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૨જો ૨–૮–૦
૫૦ શ્રીદાનપ્રદીપ... ... ... ૩–૦–૦
૫૧ શ્રીનવપદજી પૂજા (અર્થ સહિત) ૧–૪–૦
૫૨ કાવ્ય સુધાકર ... ... ... ૨–૮–૦
૫૩ શ્રી આચારોપદેશ ... ... ૦–૮–૦
૫૪ ધર્મરત્ન પ્રકરણ ... ... ૧–૦–૦
૫૫ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર ( અર્થ
સહિત ) ... ... ... ૧–૧૨–૦
૫૬ શ્રી આત્મવિશુદ્ધિ ... ... ૦–૬–૦

---

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૫૭ કુમારપાળ પ્રતિબોધ... | ... ૩-૧૨-૦ | ૬૦ શ્રી વિમલનાથ ચરિત્ર | ... ૧-૧૨-૦ |
| ૫૮ જૈન નરરત્ન " ભામાશાહ "... | ૨-૦-૦ | શ્રી પ્રભાવક ચરિત્ર ... | છપાય છે. |
| ૫૯ આત્માનંદ સભાની લાઇબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ.... | ... ૦-૧૪-૦ | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ... ... | " |
| | | શ્રી મહાવીર સ્વામિ ચરિત્ર... | " |

# અન્ય ગ્રન્થો.

| | | | |
|---|---|---|---|
| તત્ત્વનિર્ણય પ્રાસાદ... ... | ૧૦-૦-૦ | ચૈત્યવંદન ચોવીશી ... ... | ૦-૬-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા, ૧ લો. | ૨-૪-૦ | પ્રાણપ્રેમ પુષ્પમાળા .. ... | ૧-૪-૦ |
| અભયકુમાર ચરિત્ર ભા. ૨ જો. | ૩-૦-૦ | ધર્મ અને જીવન ... ... | ૦-૩-૦ |
| સઝાયમાળા ભાગ ૧ થી ૪ દરેકના... | ૨-૦-૦ | મહિલા મહોદય ભા. ૧-૨ દરેકના | ૨-૦-૦ |
| કર્મગ્રંથ હિંદી ભા. ૧ લો. (હીંદી) | ૧-૪-૦ | જૈન મહાભારત સચિત્ર... ... | ૬-૦-૦ |
| સદર ભા. ૨ જો. (,,) | ૦-૧૨-૦ | રાજકુમારી સુદર્શના... ... | ૩-૦-૦ |
| સદર ભા. ૩ જો. (,,) | ૦-૮-૦ | મલયા સુંદરી ... ... | ૨-૮-૦ |
| સદર ભા. ૪ થો. (,,) | ૨-૦-૦ | શ્રીપાળ રાજાનો રાસ (સાર્થ સચિત્ર) | ૨-૦-૦ |
| દંડક ... ... (,,) | ૦-૩-૦ | સમ્મેતશિખર ચિત્રાવલી ... | ૨-૮-૦ |
| વિતરાગ સ્તોત્ર ... (,,) | ૦-૩-૦ | ઉત્તમ કુમાર ( સચિત્ર ) ... | ૧-૪-૦ |
| સજ્જન સન્મિત્ર ... ... | ૪-૦-૦ | નારચન્દ્ર જ્યોતિષ ... ... | ૩-૦-૦ |
| સિદ્ધાંત મુક્તાવલી ... ... | ૦-૧૦-૦ | ભદ્રબાહુ સંહિતા ... ... | ૨-૦-૦ |
| જૈનભાનુ ... ... ... | ૦-૮-૦ | વિવેક વિલાસ ( સચિત્ર ) ... | ૩-૦-૦ |
| વિમલ વિનોદ ... ... | ૦-૧૦-૦ | સમરાદિત્ય કેવળી ચરિત્ર ... | ૫-૦-૦ |
| વિશેષ નિર્ણય ... ... | ૦-૪-૦ | પૂજા સંગ્રહ સચિત્ર ભા. ૧ થી ૭ | ૫-૦-૦ |
| અવિદ્યા અંધકાર માર્તંડ ... | ૦-૪-૦ | નવપદ ઓળી વિધિ... ... | ૦-૧૨-૦ |
| શ્રી નવપદજી પૂજા શ્રી ગંભીર વિ કૃત | ૦-૨-૦ | નવપદજી મંડળની છબી ... | ૦-૪-૦ |
| પૂજાસંગ્રહ શાસ્ત્રી વિજયાનંદ સૂરિ-વિજયવલ્લભસૂરિ-શ્રીહંસવિ. મ. કૃત. | ૧-૪-૦ | સિદ્ધચક્રજીના યંત્રની છબી ... | ૦-૨-૦ |
| આત્મવલ્લભ પૂજા સંગ્રહ ... | ૧-૮-૦ | ચૌદ રાજલોક પૂજા ... ... | ૦-૧-૦ |
| સત્તરભેદી પૂજા ( હારમોનીયમ નોટીસન સારીગમ સાથે... ... | ૦-૪-૦ | સમ્યકત્વ દર્શન પૂજા... ... | ૦-૧-૦ |
| જૈનસતી રત્નો ( સચિત્ર ) ... | ૧-૪-૦ | પંચપ્રતિક્રમણ સૂત્ર, ગુજરાતી ... | ૦-૧૦-૦ |
| જૈનગીતા ... ... ... | ૧-૦-૦ | ( ,, ) શાસ્ત્રી ... | ૦-૧૦-૦ |
| પ્રમેય રત્ન કોષ ... ... | ૦-૮-૦ | દેવસીરાઇ પ્રતિક્રમણ, ગુજરાતી | ૦-૪-૦ |
| | | ( ,, ) શાસ્ત્રી ... | ૦-૪-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુંદર ફોટાઓ ( છબીઓ ).

## મુનિમહારાજાઓના દરેક સાઈઝની છબીઓ તથા તીર્થોના રંગીન નકશા અને ફોટા.

તથા કલકત્તાવાળા નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફરે હાલમાં એવા વિવિધ રંગોથી તૈયાર કરેલા સુંદર, મનોહર અને આકર્ષક ફોટાઓ બહાર પાડયા છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી કેસરીયાજી મહારાજ | ૧૫+૨૦ | | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સાળ સ્વપ્ન ( સમજણ સહિત ) | ,, | | ૦–૮–૦ |
| મધુ બિંદુ | ,, | ,, | ૦–૬–૦ |
| ષટ્લેશ્યા | ,, | ,, | ૦–૬–૦ |
| શ્રી જીનદત્તસૂરિજી–( દાદાસાહેબ ) | ,, | ,, | ૦–૬–૦ |
| પાવાપુરીનું જીન મંદિર | ૧૨+૨૦ | | ૦–૪–૦ |

## પુના ચિત્રશાળા પ્રેસની રંગીન છબીયો.

| | | |
|---|---|---|
| શ્રી ગૌતમસ્વામીજી મહારાજ | ૧૫+૨૦ | ૦-૧૦-૦ |
| શ્રી મહાવીરસ્વામી ભગવાન | ૧૫+૨૦ | ૦–૮–૦ |

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈન ધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે–શાહ ભીમશી માણેક મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા-જૈન ઓફીસ-ભાવનગર શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ–જામનગર, સલોત અમૃતલાલ અમરચંદ-પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર, નથમલ ચાંડાલીયા ફોટોગ્રાફર–કલકત્તા. વિગેરે પુસ્તકો પ્રકટકર્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ ( છબીયો ) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લાઇફ મેમ્બર.

કોઇપણ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઇ શકે છે.

એક સાથે રૂા ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઇ શકશે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

એક સાથે રૂા ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકશે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ થતા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જીંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે, તેમજ આત્માનંદપ્રકાશ માસિક પણ તેમની જીંદગી સુધી ભેટ મળશે.

# આત્માનંદ પ્રકાશ.

ઉપરોક્ત માસિક સભા તરફથી છત્રીશ વર્ષથી પ્રકટ થાય છે. તેમાં ધાર્મિક, ઐતિહાસિક, સામાજીક અને નૈતિક ઉપરાંત સ્ત્રી કેળવણી અને વિદ્યાર્થી વિભાગ વાંચનના લેખો પણ આવે છે, કે જેથી સ્ત્રી જાતિનું ગૌરવ તેમનું માતા તરીકેનું સ્થાન અને બાળકોને ઉત્તમ સંસ્કાર કેમ આપી શકાય ? તે તથા સમાજની ભાવિ ઉન્નતિમાં સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓ કેમ આદર્શ બને તે માટે ઉત્તમ લેખો આપવામાં આવે છે. જેથી વાંચન માટે સમાજની રૂચી વધતા તે માટે અનેક પ્રશંસાના પત્રો આવેલ છે. મંગાવી ખાત્રી કરો !

વાર્ષિક લવાજમ રૂા ૧--૪--૦ વાર્ષિક ભેટનું સુંદર દળદાર પુસ્તક તથા પંચાંગ ભેટ આપવામાં આવે છે.

# પુસ્તક પ્રકાશન ખાતું.

આ સભા તરફથી આજે ત્રીશ વર્ષથી ચાલુ છે. અમારા તરફથી પ્રકટ થતા ગુજરાતી સંસ્કૃત, માગધી, હીંદી વિગેરે પુસ્તકોની સાહિત્યરસીક સાક્ષરો મુકતકંઠે પ્રશંસા કરે છે, જેથી તેનો લાભ લેવા ન ચુકશો, નફો જ્ઞાનખાતામાં જાય છે. સીરીઝ સિવાયના અન્ય ગ્રંથો પડત કિંમતે આપવામાં આવે છે. લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તમારૂં નામ અમર કરવું હોય તો

આટલું

# વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે. જ્યારે મનુષ્યોને પરમાત્માએ જ્ઞાન અને બુદ્ધિ આપેલ હોવાથી તે પોતાના માટે અનેરો માર્ગ શોધી કાઢે છે. જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય જૈન સાહિત્ય સેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો નીચેની યોજના વાંચી, વિચારી આજેજ આપ નિર્ણય કરો. અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી તે અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધી આ સભાએ ખરચવા.

૪ અમુક સંખ્યામાં જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ સાધ્વી મહારાજ વગેરેને આ સિરિઝના ગ્રંથો સભાના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે ‘ સિરિઝવાલાની વતી સભા મારફત ભેટ ’ એવી ચીઠ્ઠી છપાવી પુસ્તક ઉપર ચોડી ભેટ મોકલવામાં આવશે.

૭ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા સીરીઝ છપાય તેમને ભેટ આંપવામાં આવશે.

૮ તે સીરીઝના પ્રથમ અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણુમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સિરિઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો: એજ ક્રમ સાચવી સિરિઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા.

૧૦ ગ્રંથમાળાના પ્રથમના એકજ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટુંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણુ પત્રિકા તેમની ઇચ્છાનુસાર ( એકજવાર ) આપવામાં આવશે.

નીચેના પ્રમાણેના મહાશયોના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઇ ચૂકી છે.

| | |
|---|---|
| ૧ શેઠ આણુંદજી પુરૂષોતમદાસ. | ૨ વોરા હઠીચંદ ઝવેરચંદ |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ |
| ૫ વકીલ હરીચંદ નથુભાઇ | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા |
| ૭ શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણુપુર. | ૮ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ |
| ૯ શાહ મગનલાલ ઓધવજી | ૧૦ શેઠ અમરચંદ હરજીવનદાસ |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઇ | |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણુ વિચારી તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો. તેમ ઇચ્છીએ છીયે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા.—ભાવનગર.

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः चिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः चिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय।

पुस्तक २७ } वीर सं. २४५६ फाल्गुन. आत्म सं ३४. { अंक ८ मो.

ॐ

## પ્રેરણાત્મક ગુણાનુવાદ.

સાખી.

શ્રી સુખકર નિજ રૂપની, ભગવતી સૂત્ર પ્રમાણ;
વાન્ચ્છા તદ્‌વિધ યોગની, નય આદિ સહ નાણ. ૧

* * * *

જીન પ્રણિત વચનો વિષે, ભાવ હૃદય રસપૂર;
ઇચ્છા દ્વંદ્વ મિટાવવા, નેકી આત્મ પ્રચૂર. ૨

* * * *

વેળા સુંદર સાંપડી, લક્ષિત લક્ષ સુહાય;
ચંદ્ર પ્રભા સમ આત્મનું, દર્શન સહેજે થાય. ૩

* * * *

નામ નિરંજન દેવનું, નહિં ચૂકો ક્ષણુ એક;
મન વચ કાય ત્રિયોગથી, નમીએ ગૃહિ ગુરૂ ટેક. ૪

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી તીર્થાધિરાજ નામ સાર્થક તત્ત્વ દોહન.

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો—એ ચાલ. )

તીર્થ સકલમાં શ્રેષ્ઠ જ જાનો, સાર્થક નામ તથાવિધ માનો. તીર્થ૦
સકલ "તીર્થ શિરતાજ" ત્રિજગમાં, "ચરમ જિનેંદ્ર" જણાવે;
સ્ફૂરે બળ આલંબન યોગે, તાત્ત્વિક તીર્થ પ્રભાવે. તીર્થ૦ ૧
સ્વત: પ્રભાવિક તીર્થ સ્થાન આ, શાશ્વત પ્રાય પ્રમાનો;
જ્ઞાની જન કહે દીર્ઘ સમયથી, એહ પ્રણાલી પિછાનો. તીર્થ૦ ૨
અન્ય તીર્થ પ્રભાવિક પણ એ, જાણુ અપેક્ષિત ભ્રાતુ !
ભાગ્યવાનના ફરસન યોગે, શાસ્ત્ર નિદર્શિત વાતુ. તીર્થ૦ ૩
નિરપેક્ષ સાપેક્ષિત યોગે, તરતમતા છે તેથી;
અન્ય તીર્થ એ તીર્થ છતાં આ, "તીર્થરાજ" કહો એથી. તીર્થ૦ ૪
તીર્થરાજના મુકુટમણી સમ, "આદિનાથ" અહિં આવ્યા,
પૂર્વ નવાણું વાર ફરસના, કીધી કર્મ ખપાવા. તીર્થ૦ ૫
કારણ સમયને સ્થાનતણું કર, ભાન યથાવિધ આજે;
દૈવી સ્થળની દિવ્ય પ્રભા જ્યાં, જગ મશહૂર વિરાજે. તીર્થ૦ ૬
લાભ મળે નહીં કષ્ટ સહન વિણ, એહ ચિત્ર દિલ ધારે;
યાન અનુપમ શરણે નિશ્ચલ, ભવજલ પાર ઉતારે. તીર્થ૦ ૭
દૃશ્ય મનોહર આનંદકારી, વનરાજી વિસ્તારી;
યોગી જનને યોગ વહનમાં, તીર્થ અતિ ઉપકારી. તીર્થ૦ ૮
"રસ કુપિકા" "ચિત્રામણ વેલી," પ્રતિ લાભે છે જેમાં;
ભાગ્યવાન નરને ભેટે એ, નહિં આશ્ચર્ય જ તેમાં. તીર્થ૦ ૯
'શાસન' શાસનપતિનું સમઝી, શરણું જેણે કીધું;
કર્મ દહન કરી વેગે તેણે, મન વાંચ્છિત ફળ લીધું. તીર્થ૦ ૧૦
પશુ પક્ષી સૂર નર વર સહુ કો, સેવા અહર્નિશ સારે;
પ્રચલિત તીર્થ પ્રભુત્વપણે એ, શરણાગત ને તારે. તીર્થ૦ ૧૧
દુર્લભ સ્થળ દરશન ફરશન એ, પુણ્ય યોગથી પામ્યો;
માનવ જીવન સફલ કરવા. ચૂક ન અવસર આયો.૦ તીર્થ૦ ૧૨
શ્રેણી જિનાલય કેરી સુંદર, ઉજ્જવલ આનંદકારી;
જિન પ્રતિમાનું દરશન પૂજન, અર્પે શિવ અવિકારી. તીર્થ૦ ૧૩
ધ્યાન યથાવિધ ધરતાં જેનું, કર્મ કઠિન ક્ષય થાવે,
ધ્યાતા ! ધ્યેય મિલાવે સહેજે, આત્મિક આનંદ પાવે. તીર્થ૦ ૧૪

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुतत्त्वाष्टकम्

ले. स्व० अजितसागरसूरिः

( त्रोटकवृत्तम् )

शिवभूति तति प्रथुलत्वकरं, करणीय निदानतिमं प्रबलम् ।
बलहीन महार्थ निधि प्रभवं, गुरुतत्त्वमनन्यमखण्डविभम् ॥ १ ॥

खलबुद्धिवितानतमाहरणं, मरणान्तकरं भवभीतिहरम् ।
परमार्थपथप्रथनैक रविं, गुरुतत्त्वमनिन्दितमस्तिपरम् ॥ २ ॥

दलिताक्षरिपुप्रबलं बहुलं, कलितात्मगुणं शुभशर्मनिधिम् ।
विदितार्थचयं नियतिप्रवणं, गुरुतत्त्वमनल्पमहार्द्धिकरम् ॥ ३ ॥

वरधर्मदयानिलयं विलयं, समता सुलता ललिताद्धचयम् ।
प्रलयं कुविकल्प समाजजुषां, गुरुतत्त्वमपूर्वमखण्ड गुणम् ॥ ४ ॥

विधिनार्चितमत्र महार्थनिधिं, परमार्थविदां सुलभं सकलम् ।
अकलङ्कितचन्द्रनिमं विशदं, गुरुतत्त्वमचिन्त्यविभं सुमतम् ॥ ५ ॥

भवभीरुजनाश्रयदं दामिनां, शिवदं भवतापहरं भविनाम् ।
शरणं प्रवरं प्रथुकीर्त्तिकरं गुरुतत्त्वमिहास्तिगुणप्रवरम् ॥ ६ ॥

शुभतत्त्वनिदानमनर्थहरं, ममताऽसुरसङ्गभयत्त्वपकम् ।
हतमानमहाद्विरदाधिपतिं, गुरुतत्त्वमवारितदीव्य गृहम् ॥ ७ ॥

शिवसिद्धिवधूवरणाऽभिमुखाः ? गुरुतत्त्वसमं न भवत्यपरम् ।
हृदये सुविचिन्त्य मनोज्ञधिया, भजतेति सदा गुरुतत्त्वमिदम् ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમકિતની છ ભાવના (સંક્ષેપથી)

(સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ.)

૧ **સમકિત** એ **શ્રુત ચારિત્ર** રૂપી ધર્મ- વૃક્ષનું **મૂળ** છે.

૨ ,, ,, ,, ધર્મનગરમાં પ્રવેશવાનું **દ્વાર** છે.

૩ ,, ,, ,, ધર્મ-મંદિરનો **પાયો** છે.

૪ ,, ,, ચારિત્ર પ્રમુખ સમસ્ત ગુણનું **નિધાન** છે.

૫ ,, ,, **શમ દમાદિક ગુણોના આધાર** રૂપ છે.

૬ ,, ,, શ્રુત-શીલનો **રસ સાચવી રાખવાનું ભાજન** છે.

**સાર**—સમ્યકત્વ ગુણ આબાદ હોય તોજ શ્રુત—ચારિત્ર ધર્મ ટકી શકે છે, તેમજ બીજા અનેક ગુણોની પ્રાપ્તિ રક્ષા અને વૃદ્ધિ થઇ શકે છે, તેથીજ શાસ્ત્રકારે સમ્યકત્વ ગુણની ખાસ મહત્તા વખાણી છે. સહજ સ્વભાવે કે ગુરૂ ઉપદેશ વડે તેની પ્રાપ્તિ થઇ શકે છે. તેની રક્ષા અને પુષ્ટિ માટે જ તેના લિંગ, લક્ષણ, ભૂષણાદિ વખાણ્યા છે. સમકિતના ૬૭ બોલની સજ્ઝાય સાથે સમજી કંઠાગ્ર કરવા લાયક છે.

## (સંક્ષેપથી) સમકિતનાં છ સ્થાન (જેમાં સમકિત ઠરી શકે.)

૧ ચેતના લક્ષણ જીવ—આત્મા છતો—વિદ્યમાન છે;

જોકે તે ક્ષીર—નીરની પેઠે પુદ્ગલ મિશ્રિત છતાં અનુભવ રૂપી હંસ—ચંચુ-જોગે એથી અળગો થઇ શકે એવો છે.

૨ આત્મા નિત્ય છે:—જેમ બાળકને સ્તનપાન વાસના પૂર્વભવના અભ્યાસથી થવા પામે છે. દેવ—મનુષ્યાદિક તો તેના અનિત્ય પર્યાયો છે ગમે તે ગતિમાં કર્મવશ જતાં **આત્મદ્રવ્ય અનુસ્યુત** રહેછે. પોતાના જ્ઞાન—દર્શન—ચારિત્ર પ્રમુખ ગુણો પણ શકિતરૂપે સાથેવા બન્યા રહે છે. એટલે દ્રવ્યથી આત્મા અવિચલિત ને અખંડિત સમજાય છે.

૩ આત્મા કર્તા છે:—અશુદ્ધ વ્યવહારથી તે વિવિધ કર્મો કર્તા અને શુદ્ધ વ્યવહાર (નિશ્ચયનય)થી તો તે જ્ઞાનાદિક નિજ ગુણોનો જ કર્તા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ આત્મા ભોકતા છે:—વ્યવહારથી તો પુણ્ય-પાપ ફળનો ભોક્તા અને નિશ્ચયનયથી જ્ઞાન ચરણાદિક સ્વગુણોનો ભોક્તા ઠરે છે.

૫ મોક્ષ છે:— જ્યાં અચળ અને અનંત સુખનો વાસ છે એવું મોક્ષપદ છે. જ્યાં કશી આધિ-વ્યાધિ કે ઉપાધ અંશમાત્ર નથી એવા મોક્ષસ્થાનમાં સર્વોત્તમ સ્વાભાવિક સુખ વર્ત્યા કરે છે.

૬ મોક્ષ-સુખ પ્રાપ્તિનો ઉપાય પણ છે:—જ્ઞાન અને સંયમ કહો કે સમ્યગ-દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ઉક્ત મોક્ષસુખ પ્રાપ્ત કરવાનો અમોઘ (સફળ) ઉપાય છે. કેવળ જ્ઞાન કે કેવળ ચારિત્ર માત્રથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી; બંનેના સહ-યોગથી જ મોક્ષ પ્રાપ્તિ થઇ શકે છે. પંગુ અને અંધના દ્રષ્ટાન્તે જ્ઞાન વગરની ક્રિયા અંધ જેવી અને ક્રિયા વગરનું એકલું જ્ઞાન પંગુ-પાંગળા જેવું, અર્થ ક્રિયાકારી નહીં હોવાથી નિષ્ફળ લેખાય છે; તેથી જ મોક્ષાર્થીને ઉભય આરાધવાની જરૂર રહે છે.

ઇતિશમ્.

# શ્રી સંઘ મહાત્મ્ય.

ગતાંક પૃષ્ટ ૧૬૯થી શરૂ.

શ્રી સંઘની ગંભીરતા સમુદ્રના રૂપકથી જણાવે છે :—

भद्दं धिइवेला परिगयस्स, सज्झायजोगमगरस्स,
अक्खोहस्स भगवओ संघसमुद्दस्सरुंदस्स ॥ ११ ॥

**અર્થ**—ધૈર્યરૂપી વેલા-ભરતીથીયુકત, સ્વાધ્યાય યોગરૂપમકરો-મગરોથી-યુકત તથા અક્ષોભ્ય અને વિસ્તીર્ણ એવા ભગવાન શ્રી સંઘ સમુદ્રનો જય હો-સંઘ સમુદ્ર સદા જય પામો.

**વિવેચન**—સમુદ્રમાં જેમ અમુક સમયે ભરતી આવે છે, તેમ આ સંઘ સમુદ્રમાં પણ મૂલગુણ અને ઉત્તરગુણની વૃદ્ધિરૂપ વેળા-ભરતિ છે, જેમ સમુદ્રમાં મોટા મોટા મગરમચ્છ હોય છે તેમ આ સંઘસમુદ્રમાં સજ્જાય, ધ્યાન, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગરૂપી જબરજસ્ત મગરમચ્છો છે. અને આ મગરમચ્છો આપણાં કર્મોને ગળી જાય છે. જેમ સમુદ્ર અક્ષોભ્ય છે, તે કદીપણ પોતાની મર્યાદા મુકતો નથી. દેવોએ અને દાનવોએ મેરૂપર્વતથી તેને ખુબ મથ્યો-ડોળ્યો છતાં તે અક્ષોભ્યજ રહ્યો, તેમ આ સંઘ સમુદ્રપણ નિષ્પ્રકંપજ છે. તેના ઉપર ગમે તેવા ઘોર ઉપસર્ગો અને પરિષહો થાય, ભલે ગમે તે દર્શન તેના ઉપર આક્રમણ કરે છતાં તેને લગારે આંચ નથી આવતી. તે શાંતિથી બધું સહન કરી શત્રુને પણ મિત્ર બનાવે છે. જેમ સમુદ્ર અપાર છે-એના છેડાનો અંત આવતો નથી તેમ શ્રી સંઘ સમુદ્ર પણ એવો મહત્તાપૂર્ણ છે કે જેની વિશાલતાનો અન્ત નથી. આવા શ્રી સંઘ સમુદ્રનો જય હો. અર્થાત્ ધૈર્ય, સ્વાધ્યાય અને યોગયુકત તથા અક્ષોભ્ય વિશાલ શ્રી સંઘસમુદ્ર જય પામે છે એમ સૂચવ્યું ॥ ૧૧ ॥

વળી સંઘ સર્વદા અચલ રહેતો હોવાથી મેરૂપર્વતરૂપે તેની સ્તુતિ કરે છે.

सम्मदंसण वरवइरदढरुढगाढावगाढपेढस्स,
धम्मवर रयणमंडिय चामीयर मेहलागस्स ॥ १२ ॥
नियमूसियकणय सिलायलुज्जल जलंतचित्तकूडस्स,
नंदणवणमणहर सुरभि सुगंधुध्धुमस्स ॥ १३ ॥
जीवदयासुंदरकंदरुद्धरियमुणिवरमइंदइन्नस्स,
हेउसयधाउपगलंतरयणदित्तोसहिगुहस्स ॥ १४ ॥
संवरपरजलपगलिय उज्झरपविरायमाणहारस्स,
सावगजणपउरवंतमोरनच्चंतकुहरस्स ॥ १५ ॥
विणयनयपवर मुणिवरफुरंतविज्जुज्जलंतसिहरस्स,
विविहगुणकप्परुक्खगफलभरकुसुमाउलवणस्स ॥ १६ ॥
नाणवररयणदिप्पंतकंतवेरुलियविमलचूलस्स,
वंदामि विणयपणओ संघमहामंदरगिरिस्स ॥ १७ ॥

**અર્થ**—સમ્યગદર્શનરૂપી ઉત્તમ વજ્રમય દ્દઢ-મજબુત, ગાઢ અને નિમગ્ન-ઉંડુ એવું પીઠાસન-પ્રથમ ભૂમિકાયુકત, ધર્મરૂપી ઉત્તમ રત્નથી મંડિત સુવર્ણ મેખલાવાળો ( ૧૨ ) નિયમરૂપી કનક શિલ્પતલમાં ઉભા કરેલા ઉજ્જવલ જવલંત ચિત્તશિખરોવાળો, આનંદને દેનાર મનોહર તથા સુગંધી શીયલરૂપી ગન્ધથી પરિપૂર્ણ;-સંતોષવન નામનો મનોહર સુગન્ધી સ્વભાવવાળા શીલગન્ધથી પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુર્ણ ( ૧૩ ) જીવદયારૂપી સુંદર કોતરમાં કર્મશત્રુને જીતવા માટે તૈયાર થયેલા મદોન્મત્ત મુનિવરોરૂપી મૃગેન્દ્રસિંહોથી વ્યાપ્ત, સેંકડો હેતુઓરૂપ ધાતુઓમાંથી ઝરતું શ્રુતજ્ઞાનરૂપી રત્ન, તેની જાજવલ્યમાન આમર્શરૂપી ઔષધિઓથીયુકત ગુફાઓ–વ્યાખ્યાન શાલાયુકત ( ૧૪ ) સંવરરૂપી જલનાં નીકળતા ઝરા–પ્રવાહો તે રૂપ સુંદર હારથી વિભૂષિત, સ્તુતિ કરતા અને નૃત્ય કરતા શ્રાવકજનરૂપી મયૂરોથીયુક્ત જીનમંદિરોથી શોભિત, વિનયવડે નમ્ર અને પ્રખર મુનિઓરૂપી દેદીપ્યમાન વિદ્યુત તેથી શોભતા ( ૧૫ ) શિખરો–આચાર્યોથીયુક્ત. વિવિધગુણ વાળા મુનિઓરૂપ કલ્પવૃક્ષ, મૂલગુણ અને ઉત્તરગુણરૂપી ફલ, નાનાપ્રકારની ઋદ્ધિઓરૂપી કુસુમગુચ્છોથી આકુલ વન--ગચ્છવાળા ( ૧૬ ) જ્ઞાનરૂપી ઉત્તમરત્ન તે રૂપજ વિમલવૈડુર્ય મણીની શોભતી ચુડાવાળા, એવા શ્રી સંઘરૂપી મહાન મેરૂપર્વતને હું વિનયથી નમસ્કાર કરૂં છું ( ૧૭ )

**વિવેચન**—જેમ મેરૂપર્વત ઉપર વજ્રમય દૃઢ મજબુત નિષ્પ્રકંપ પીઠાસન હોય છે તેમ આ સંઘરૂપ મેરૂપર્વતમાં સમ્યકદર્શનરૂપ વજ્રનું પીઠાસન તે એવું તો મજબુત છે કે પર તીર્થિકો–અન્યદર્શનોનાં તત્ત્વજ્ઞાનની વાસનારૂપ જલનું એક બીન્દુ પણ અંદર નથી પ્રવેશી શકતું, તેમ પ્રશસ્ત વિશુદ્ધ અધ્યવસાયોથી યુક્ત, તથા શ્રી જીનેશ્વર ભગવાને ભાષિત તીવ્રતત્ત્વના વિષયની રૂચિવાળું, તથા જીવાદિ પદાર્થોનાં યથાર્થ અવબોધમાં મગ્ન એવું સુંદર સમ્યકત્વરૂપી ઉત્તમ વજ્રમય પીઠાસન છે. જેમ મેરૂપર્વતને મેખલા હોય છે તેમ આ સંઘરૂપી મન્દરા-ચલને ધર્મરૂપી રત્નથી મંડિત–શોભતી સુવર્ણમેખલા છે, તેમાં ધર્મ, મુલગુણ અને ઉત્તરગુણ એમ બે પ્રકારનો છે. ત્યારે મુલગુણ રૂપમેખલા અને તેમાં ઉત્તર-ગુણરૂપી રત્નો મઢેલાં છે. આવી મેખલાથીયુકત, મુલગુણરૂપી મેખલા ઉત્તરગુણ રૂપ રત્નો સિવાય શોભતી નથી. માટે આવા ધર્મરત્નથી શોભિત, સુવર્ણમેખલાથી યુકત શ્રી સંઘરૂપી મંદરાચલ છે એમ જણાવ્યું છે. તથા જેમ મેરૂપર્વત ઉપર સુંદર જાજ્વલ્યમાન શિખરો હોય છે, તેમ આ સંઘરૂપી મન્દરાચલ ઈન્દ્રિય અને નોઈન્દ્રિયનું દમનરૂપ કનક શિલાતલમાં અશુભ અધ્યવસાયના પરિત્યાગરૂપ–ઉજ્જવલ ચિત્તરૂપ શિખરોથી યુકત છે.

સુર અસુર અને વિદ્યાધરો જેમાં ખુશી થાય -ખુશીથી ક્રીડા કરે તે નંદનવન કહેવાય. આ નંદનવન મેરૂપર્વત ઉપર છે. જેમ આ નંદનવનમાં સુન્દર અશોક-વૃક્ષ આમ્રવૃક્ષ આદિ વૃક્ષોનો સમુહ હોય છે. અનેક પ્રકારની લતાઓ–વેલડીઓ, વિવિધ પ્રકારનાં પુષ્પો, તેમજ અનેક પ્રકારના અંકુરાઓથી તે યુકત હોવાથી તે મનોહર લાગે છે, અને સુરભિ સ્વભાવવાળા ગન્ધથી આપુરિત–પરિપુર્ણ હોય છે. તેમ સંઘરૂપી મંદરાચલમાં સંતોષમાં મસ્ત સાધુઓરૂપી નંદનવન છે.–સંતો-ષમાં મસ્ત સાધુઓ આનંદ ભોગવે છે, તેમજ અનેક પ્રકારની આમર્ષ ઔષધિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિ લબ્ધિઓથીયુકત હોવાથી મનોહર છે. સુરભિશીયલરૂપી ગન્ધ તેથી વ્યાપ્ત છે.

જેમ મેરૂ પર્વતમાં સુંદર અનેક કોતરો હોય છે, અને અંદર મદોન્મત્ત વનરાજો–કેસરીસિંહો શોભે છે, તેમ આ શ્રી સંઘરૂપ મન્દરાચલ તપસ્વીઓના આવાસભૂત હોવાથી તેમાં જીવદયારૂપી સુંદર અને ભવ્ય કોતરો છે, અને તેમાં કર્મશત્રુને જીતવા પ્રત્યે ઉદ્દર્પિત અને અન્યદર્શનોરૂપી મૃગલાંઓને જીતતા હોવાથી મુનિવરોરૂપી મૃગેન્દ્રો શોભે છે–ગાજે છે. જેમ મેરૂપર્વતમાં ગુફાઓમાં ઝરતા ચંદ્રકાન્ત રત્નો હોય છે, કનકાદિ ધાતુઓ, દીપ્ત ઔષધિઓ હોય છે તેમ સંઘ મન્દરાચલમાં કુયુકિતઓનો નિરાસ કરનાર અભયલક્ષણોવાળા સેંકડો હેતુઓરૂપ ધાતુઓથી યુકત, તથા ઝરતાં એવા શ્રુતરત્નો અને આમર્ષ ઔષધીઓથીયુકત વ્યાખ્યાનશાલાઓ શોભે છે–વ્યાખ્યાનશાલાઓથી યુકત છે.

મેરૂપર્વત જેમ નિરંતર પાણીનાં પ્રવાહવાળાં ઝરણાથી યુકત છે તેમ સંઘરૂપી મહાન્ મન્દરાચલમાં પ્રાણાતિપાતાદિ આશ્રવનાં પચ્ચખાણ અને પચ્ચખાણજ કર્મમલને નાશ કરતું હોવાથી અને સાંસારિક તાપને શમન કરતું હોવાથી પરિણામે સુંદર સંવરરૂપી જલનો પ્રવાહ નિરંતર વહેતાં–ઝરણાં હારરૂપ છે. મેરૂપર્વતમાં કેકારવ કરતા અને નૃત્ય કરતા મયૂરોથીયુકત કુહરો હોય છે, તેમ આ સંઘ મંદરાચલમાં પ્રભુસ્તુતિ, સ્તોત્રો, અને સ્વાધ્યાયવડે વાચાલિત ઘોષ કરતા અને આનંદમાં આવી નૃત્ય કરતા શ્રાવકોરૂપી મયૂરોથીયુકત સુંદર જીન પ્રાસાદો છે.

મેરૂપર્વતમાં જેમ વિજળીના ઝબકારાવડે શોભતા શિખરો હોય છે તેમ આ સંઘ મંદરાચલમાં વિનયથી નમ્ર અને તપસ્યાથીયુકત મુનિવરોરૂપ જબકતી વિજળીથી શોભતા આચાર્યો છે. તથા મેરૂપર્વતમાં વિવિધ પ્રકારનાં કલ્પવૃક્ષો, તેનાં ફલ અને કુસુમગુચ્છોથીયુકત વનસમુહ હોય છે, તેમ સંઘરૂપ મંદરાચલમાં વિવિધ ગુણવાળા મુનિવરો વિશિષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલા હોવાથી અને પરમાનંદ સુખનાં કારણભૂત ધર્મફલનું દાન કરતા હોવાથી વિવિધગુણવાળા મુનિવરોરૂપી કલ્પવૃક્ષો છે, અને તેનાં મુલગુણ અને ઉત્તરગુણરૂપી ફલસમુહ અને નાનાપ્રકારની ઋદ્ધિઓ રૂપકુસુમ સમુહથીયુકત મહાન્ ગુચ્છરૂપ બને છે.

મેરૂપર્વતમાં કાન્ત, ઉજ્જવલ વૈડુર્યમયી ચુડા હોય છે તેમ આ સંઘરૂપ મન્દરાચલમાં કાન્ત અને જીવાદિ પદાર્થનું સ્વરૂપ જણાવતી હોવાથી ભવ્યજનને મનોહર હોવાથી વિમલ, મોક્ષનું હેતુ હોવાથી ઉત્તમ જ્ઞાનરૂપી રત્નમય ચુડા છે. આવા અનેક ગુણયુકત શ્રી સંઘરૂપ મેરૂપર્વતને હું વિનયથી નમસ્કાર કરૂં છું. આવી રીતે અનેક પ્રકારે શ્રી સંઘ સ્તુતિ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉપસંહાર.

આપણે આ સ્તુતિમાં જોયું કે શ્રી સંઘનું માહાત્મ્ય અપૂર્વ છે, એમાં લગારેક શંકા જેવું નથી. સૂત્રકાર મહારાજે પ્રથમ શ્લોકમાં નગરની ઉપમા આપવા સાથે તેને ગુણભવન અને શ્રુત રત્નથી ભરપુર–દંસણુ–સમ્યકત્વથી યુકત વર્ણવી સ્તુતિ કરી છે. એવા ગુણોથી પરિપૂર્ણ શ્રી સંઘ નગર શોભે છે. આવી રીતે બીજા શ્લોકમાં ચક્રની ઉપમા આપી સંયમ–તપ–સમ્યકત્વ ગુણ યુકત સંઘ જણાવેલ છે, આવા ગુણ યુકત શ્રીસંઘ ચક્રજ સંસારોચ્છેદક હોઇ શકે છે, બીજો નહીં એ ખુબ સમજવાનું છે. ત્રીજા શ્લોકમાં સંઘને રથની ઉપમા આપી શિયલરૂપી પતાકાઓ-વાળા રથને તપ અને સંયમ રૂપ સુંદર તેજ ઘોડા જોડયા છે. આવા ઘોડાઓજ જલ્દી યથા સ્થાને પહોંચાડવા સમર્થ થાય છે. રથ ભલે ગમે તેવો સુંદર હોય પણ અશ્વો જોડયા સિવાય તેની ઉપયુકતતા નથી જણાતી તેમ આ સંઘ રથને તપ અને સંયમ રૂપ અશ્વો યોજી નિવૃત્તિ માર્ગે જલ્દી પહોંચાડવાની તેની શકિત સામર્થ્ય બતાવ્યું છે. ત્યારપછીના બે શ્લોકોમાં સંઘને કમલની ઉપમા આપી સંઘની નિર્મળતા અને શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે. લોકના મધ્યમાં રહેવા છતાં લોકથી ન્યારૂં વ્યકિતત્વ અને કર્મમળથી રહિત છે, તેમજ શ્રુતરત્ન–જીનવાણીના દીર્ઘનાલ વાળું–ઉત્તર ગુણ રૂપ કેસરાથી યુકત, પાંચ મહાવ્રત રૂપ સ્થિર કર્ણિકાવાળું અને શ્રાવકો રૂપી મધુકરો –ભ્રમરોના ગુંજારવથી યુકત શ્રીજીનેશ્વર દેવરૂપી સૂર્યના તેજથી પ્રબોધ–વિકાસ પામતું અને સાધુઓ રૂપ સહસ્ર પત્રોથી યુકત આવા સુંદર ભવ્ય કમલ સમાન શ્રી સંઘ છે. આ શ્લોકમાં એક વાત ખાસ લક્ષ્ય ખેંચે તેવી છે. શ્રાવકોને ફકત મધુકરોનીજ ઉપમા આપી છે. અહીં સાધુ અને શ્રાવકના પદની સીમા બંધાઇ જાય છે, એ લક્ષ્યમાં લેવા જેવું છે. સાથે સાથે એ પણ વિચારવાનું છે કે આવા આવા ગુણયુકત સંઘ હોય છે, અર્થાત્ તે કર્મમળથી પાતળું–રહિત હોય શ્રુત–જીનવાણીનું પરમ ઉપાસક હોય, મૂલગુણ અને ઉત્તર ગુણ રૂપ ધર્મથી વિભૂષિત હોય, ગુણસંપન્ન સાધુઓથી યુકત હોય અને સદાય શ્રી જીનેશ્વર દેવના ઉપદેશ પ્રમાણે ચાલનાર હોય એવો શ્રી સંઘજ સદાય શોભે છે, જય પામે છે, ત્યારપછી તેને સૂર્ય ચંદ્રની ઉપમા આપી છે અને પછી શ્રી સંઘને મહાન અને ગંભીર સમુદ્રની ઉપમા આપી છે, તેની અક્ષોભ્યતા, ધૈર્યતા, વિશાલતા, ગંભીરતા અને અનન્તતા શ્રી સંઘમાં ઘટાવી છે. શ્રી સંઘ કેવા કેવા ગુણોથી વિભૂષિત છે તે બરાબર બતાવ્યું છે. સમુદ્રની કેટલી વિશાળ ઉદારતા અને ગંભીરતા હોય છે, એ ખાસ વિચારી એવા ગુણ આપણામાં ઉતરે એ માટે વિચારવાની જરૂર છે. આપણી વર્તમાન દશા ખરેખર બહુજ શોચનીય થઇ પડી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્હેજ સ્હેજમાં આપણામાં તડો, ધડા, ઝઘડા થઇ જાય છે. મતભેદ સાથે મનભેદ અને ઇર્ષ્યા અસૂયામાં આપણે ઝઝીએ ઈ.એ. જો સમ્યગ્ રીતે વિચારીએ અને ઉપર્યુકત ગુણો આપણા જીવનમાં ઉતારીએ તો આજ આ દશા ન હોય. છેલ્લા શ્લોકમાં શ્રી સંઘને મેરૂ પર્વતની ઉપમા આપી કમાલ કરી છે ઉન્નતગિરિશિખરો, ગુફાઓ, કોતરો, વનરાજી, નંદનવન, કલ્પવૃક્ષો, ફ્લ, કુસુમ, ગુચ્છ આદિ ભરેલાં વનોથી તે શોભે છે. સમ્યગ્ દર્શન રૂપ પિઠાસન વર્ણવ્યું છે. ઉત્તમ ધર્મરત્નથી મંડિત મેખલા છે. નિયમ સંયમરૂપ કનકશીલ તલમાં ઉજ્વળ ચિત્તરૂપ શિખરો સંતોષમાં મસ્ત સાધુઓ અને આમર્ષાદિ ઔષધીઓ સુગંધી સ્વભાવવાળું શિયલ ઉત્તમ બ્રહ્મચર્ય, જીવદયારૂપી ગુફાઓ અને કર્મ શત્રુને જીતવા ઉદ્દર્પિત સાધુવરો વનરાજો સંવરરૂપી નિર્મલ જળ, તપસ્વી સાધુઓથી શોભતા આચાર્યાદિકથી યુકત અર્થાત તપ સંયમ, સંવર, સમ્યકત્વ, સ્વાધ્યાય અને મનની વિમલતા નિર્મલતા આદિ ગુણ યુકતજ શ્રી સંઘ કહેવાય. આ બધામાં એકજ ભણુકારા વાગે છે. પરમ સમ્યકત્વથી વિભૂષિત શ્રી જીનવરેન્દ્રના ઉપદેશ પ્રમાણે ચાલનાર તપ અને સંયમના ઉપાસક સાધુઓ આચાર્યો, દમ, સમતા, ગંભીરતા, ધીરતા અને મહાન પ્રભાવશાલી, ઉદાર અને સદાય અચલ અક્ષોભ્ય આદિ ગુણથી યુકત હોય તેનેજ શ્રી સંઘ કહી શકાય.

આ સ્તુતિ શ્લોકો વાંચી આપણે કયાં છીએ, આપણું સ્થાન કયું હોઇ શકે તે વિચારવાનું કામ સુજ્ઞ વાંચકો ઉપર જ છોડું છું. આ શ્લોકમાંથી ઘણું વિચારવાનું મળે તેમ છે. આ સ્તુતિ શ્લોકો આપણી વર્તમાનપરિસ્થિતિ ઉપર ઘણો પ્રકાશ નાંખે છે. આમાંથી ઘણો સરલ માર્ગ સૂઝે તેમ છે. આ શ્લોકો એક દીવાદાંડી રૂપ થઇ પડશે. શ્રી સંઘ કેવા કેવા ગુણોથી અલંકૃત હોય છે તે સમજાશે. આમાં આચાર્યો સાધુ મહાત્માઓ અને શ્રાવકોનું સ્થાન કયું છે તે સમજાશે. આપણા પૂર્વાચાર્યોએ આપણા માટે ઘણું ઉજવલ પ્રકાશમય સાહિત્ય આપણને વારસામાં આપ્યું છે તેનું રક્ષણ કરવું, તેની સેવા કરવી એ આપણી ફરજ છે. અન્તમાં દરેક જીવાત્મા ઉપર્યુકત ગુણયુકત બની મુકિતપંથે વિચરે અને **सवि जीव करु शासन रसी ए भाव दयाँ मन उल्लसी** એ શુભ ભાવના પૂર્વક વિરમું છું.

બનારસ ( સિટી ) ॐ शांति शांति शांतिः

લે૦ **મુનિ ન્યાયવિજય.**

તા૦ ક૦—આ શ્લોકોના અર્થમાં મેં ટીકાનો છુટથી ઉપયોગ કર્યો છે. કયાંક અર્થમાં ભૂલ થઇ હોય તો સુજ્ઞ વાંચકો તે સુધારી મને સૂચવશે. ભુલ માટે ક્ષમા યાચીને અત્યારે વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જ્ઞાન અને વૈરાગ્યનું અથવા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું માહાત્મ્ય.

ખરા જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું માહાત્મ્ય અજબ જેવું છે કે તેના પ્રભાવથી કોઇ તથાવિધ કર્મનાયોગે તેમાં પ્રબળ ઉદયે કામભોગને ભોગવતાં છતાં જ્ઞાની પુરૂષ અજ્ઞાની જેમ કલિષ્ટ કર્મોથી લેપાતો બંધાતા નથી કેમકે તેવે પ્રસંગે પણ પોતે નિર્લેપ પ્રાય રહે છે, તેથી ઠીક જ કહ્યું છે કે-( **ભોગ, કર્મફળ રોગતણી પેરે, ભોગવે રાગ નિવારી** ) જેમ રોગી માણસ તથાવિધ રોગીની ચિકિત્સા અણછુટકે કરી રોગનું નીવારણ કરે છે તેવે પ્રસંગે પોતાનો ખુશીપો ન હોય પરન્તુ રોગજનિત વેદના સહન થઇ ન શકવાથી અણછુટકે તેને તેનો ઉપચાર-ઉપાય કરવો પડે છે. એમ કરતાં તેવો તીવ્રરાગ કે આસકિત નહિ હોવાથી અને કેવળ સાક્ષીભાવે તેવી પ્રવૃત્તિ સેવાતી હોવાથી, અન્ય અજ્ઞાની જીવોને તેવી જ પ્રવૃત્તિ અતિ રાગ કે આસકિતથી સેવતાં જેવો કલિષ્ટ કર્મનો બંધ થાય છે તેવો કર્મબંધ જ્ઞાની વૈરાગીને થવા પામતો નથી. પરન્તુ ઉદિત ( ઉદય પામેલા ) ભોગાવળી કર્મનો ક્ષય થવા પામે છે એજ એની ખરી ખુબી છે.

### ' મુગ્ધ અજ્ઞાની જનોનું અન્યથા આચરણ. '

ઉપાધ્યાયજી મહારાજ જ્ઞાનાષ્ટકમાં વર્ણવે છે કે ' અજ્ઞાની જીવ, જેમ ભૂંડ વિષ્ટામાં મગ્ન થઇ જાય છે, તેમ અજ્ઞાનાચરણમાં મગ્ન રહે છે અને જ્ઞાની પુરૂષ હંસની પેરે જ્ઞાનાચરણમાં જ મગ્ન થઇ રહે છે, અજ્ઞાની જીવોનું આચરણ એથી અન્યથા પ્રકારનું એટલે ઉલટું હોય છે. તેમને તથાવિધ મોહક વિષયોનો સંયોગ મળતાં અત્યન્ત રાગ-આસકિત વશ અંધ બની દુઃખે નિવારી શકાય એવા કિલષ્ટ કર્મો બાંધવાનું બન્યા કરે છે તેમજ તેવા વિષયોની ગેરહાજરીમાં પણ તેની ઝંખના કરતા રહી તેઓ કેવળ મોહવશ ભારે કર્મબંધ કર્યા કરે છે. સુજ્ઞાની-વૈરાગી જનો તો તથાવિધ ભોગસામગ્રીના ભોગે પણ તેમાં ઉદાસીન દશા રાખતા હોઇ, કર્મ-નિર્જરાજ કરતા રહે છે. મધ-બિંદુના દૃષ્ટાન્તે મુગ્ધ અજ્ઞાની જનો કુત્સિત વિષય સુખમાં મગ્ન થઇ રહે છે અને કદાચ દૈવયોગે કોઇ ઉપકારી મહાત્મા તેમને તેવા કુત્સિત વિષયોનો સંગ છોડી સાચા સુખને માર્ગે ચાલવા બોધ આપે છે ત્યારે પણ તેનો યોગ્ય આદર નહિ કરવાથી દુઃખથી છુટી શકતા નથી.

( સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ—નાવ.

૧

ભવોદધિના જળમાં ભમતો શાને તું ગભરાય,
તારક ના કો એકાકી હું: એવું ના દીલ આણ;
ધૈર્ય શસ્ત્રને ધાર !
તું ધર્મ નાવ બનાવ!

૨

આગમ વૃક્ષો વિસ્તૃત ઉંચાં તેને તું નિહાળ,
ગુરૂ રક્ષકો પાસે તું જા યાચ કાષ્ટનું દાન;
એ કાષ્ટ ઉત્તમ જાણ,
તું ધર્મ નાવ બનાવ!

૩

વિષમ વારિ વારિધિના કરશે કાણું નાવ,
એ આશ્રવવિવરે વારિ વ્હેશે, ડુબાવશે તત્કાળ;
તું સંવર રસથી સાંધ
તું ધર્મ નાવ બનાવ!

૪

મિથ્યામતનાં મોજાં મોટાં ઉછાળશે એ નાવ,
ત્રિરત્નાંકિત ધવલ સઢોને તું ફેલાવી રાખ;
ધર તું શ્રેષ્ઠ સુકાન !
તું ધર્મ નાવ ચલાવ!

૫

કર્મ શિકારીનાં જાળોમાં જકડાશે તુજ નાવ,
નિર્જરાના તીક્ષણ અસ્ત્રથી બંધોને વિદાર;
દેખાશે સિદ્ધિ ધામ!
તું ધર્મ નાવ ચલાવ!

કાન્તિલાલ જે. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભૂલ્યો બાજી.

લેખક—દફતરી નંદલાલ વનેચંદ, મોરબી.

**આ** જે બેસતો મહીનો હતો. ચાર ઘડી પાછલી રાત્રિએ વહેલા ઉઠી સામાયિક વ્રત લીધું. વિચાર સ્ફુર્યો.

## બાજી બાજી બાજી ભૂલ્યો બાજી.

વારંવાર તેનો જાપ ચાલ્યો, શેની બાજી? કોણ ભૂલ્યો? ક્યારે ભૂલ્યો? શા કારણથી ભૂલ્યો?

ત્યારે શું આખી બાજી ખરેખર ભૂલીજ ગયો? આ સર્વ રમત કેમ થાય છે? એની પછવાડે કોણ ખેલ કરે છે? આવી બાજી માંડી શા માટે? અને રમતાં આવડી નહી કે માંડતાજ આવડી નહિ? અને આ સર્વ કેમ ચાલે છે? આવા આવા કેમ અને શા માટેના સવાલોના ગર્ભમાં બાજી ભૂલ્યો એનો સુમધુર પણ ખેદ કરાવનાર લય તો ચાલ્યાજ કર્યો.

આ પ્રમાણે ખેદ અને આનંદમાં ઝોકા ખાતું મન આખરે આગળ ચાલ્યું અત્યારની બાજી ભૂલ્યો છે એટલુંજ નહી પણ એતો અનાદિ કાળથી બાજી માંડતોજ આવ્યો છે, ભૂલતોજ આવ્યો છે, અને એથી બધી વાતોજ ખોટી છે, ઉલટે માર્ગેજ છે, આડે અવળે રસ્તે ઉતરી પડેલ છે. અરે. અહીં તો એટલે સુધી વાત કરી નાખી છે કે એની એક પણ વાત સાજી નથી, એક પણ વાત પ્રશસ્ય નથી, એક પણ વાત સીધે માર્ગે નથી.

અ હા હા! શી વિચારણા અને ક્યાં તણાઇ ગયા? આ તો કાંઈ રસ્તોજ દેખાતો નથી. ભૂલ્યા તો ખરા પણ ભીંત ભૂલ્યા? આખો રસ્તોજ અવળો લીધો. વારંવાર બાજીઓ ગોઠવી અને ઉપાડી, માંડી અને સંકેલી પણ દરેક વખતે મોટે ભાગે ભૂલ્યા. બાજી માંડતા જ ન આવડી અને સંકેલતા ભાન ન રહ્યું. આખી રમત ખોટી માંડી અને આખરે હારેલા જુગારીની માફક ભગ્ન હૃદયે પોતાની માનેલી સર્વ ચીજો અને વસ્તુઓ મૂકી રમતની જગ્યા છોડી ચાલ્યા ગયા; અને આવું એક વાર નહી પણ અનેકવાર થયું, પાંચ પચાસ વાર નહિ પણ અનંતિવાર થયું, ભૂતકાળમાં નજર રાખી તો કાંઇ છેડોજ દેખાય નહિ. માત્ર અનુમાનથી જણાય કે અનેકવાર ખેલો ખેલ્યા અને આખરે હારીને બધું મૂકીને ખાલી હાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપડી ગયા. આમ તો મુંઝવણ વધતીજ ચાલી પણ બાજીનું માંડવું અને હારીને ઉપડી જવું એ સિવાય કાંઇ દેખાયજ નહિ, કાંઈ વિચાર દૃષ્ટિમાં આવેજ નહિ, કાંઈ નવીનતા ખ્યાલમાં આવેજ નહિ.

કંઇક બાજીઓ મોટા પાયા પર પણ માંડી હશે ? કોઇવાર મોટી ધમાલ કરી હશે ? કંઇકવાર વાહવાહ પોકરાવી હશે ? પણ આખરે બાજી સંકેલતી વખતે એમાંનુ કાંઇ મળે નહિ; ઇંદ્રજાળની રમત જેવું બધુ ખલાસ ! અને આપણે તો પાછા ચક્કરમાં જયાંના ત્યાં. કોઇવાર શેઠશાહુકાર થયા, વ્યાપારની ધમાલો કરી, લાખો કરોડોની ઉથલપાથલ કરી, ચાકરો પર હુકમો કર્યા પણ આખરે ખલાસ!

ઉજ્જન નગરીની બહાર મોટો સૈન્યનો પડાવ જામ્યો છે. પ્રજાપાળરાજા ગભરાય છે. શ્રીપાળ દેવ સહાયથી રાત્રે પોતાને ઘેર જાય છે. ત્યાં મયણા અને તેની સાસુ (શ્રીપાળની માતા) આનંદ અને ખેદની વાતો કરતાં સંભળાય છે. તે દિવસે થયેલ અમૃત ક્રિયાના ઉમળકા મયણાને આવે છે, પ્રભાતે થયેલો આહ્‌લાદ આખો દિવસ ચાલે છે, અને રાત્રે પણ આનંદ રસ રેડે છે, સાસુને તે આનંદની વાત કરે છે અને જરૂર આજે પતિ મેળાપ થવો જોઇએ એવી વાત કરે છે, ત્યાં તેનું વચન સત્ય કરવા શ્રીપાળ બહારથી બારણું ખખડાવે છે. પછી અંદર જઇ માતા અને પત્નીને ખભે અને હાથ પર લઇ પોતાના મુકામે આવે છે.

આખું દ્રશ્ય ભારે મજાનું છે. આખો ભાવ કવિ એ ન ભૂલી શકાય તેવા લયમાં ઉતાર્યો છે અને તૂટેલો તાંતણો સહાધ્યાસી પ્રખર વિદ્વાને ઉપાડી લઇ ચાલુ રંગમાં નવીન રંગો પૂર્યા છે. પ્રજાપાળ રાજા પણ વખત વિચારી ગયો. ખભે કુહાડો રાખી તાબે થઇ સામો આવ્યો. પ્રતાપી શ્રીપાળ વિવેક ન ભૂલ્યો. સાસરાને સામે લેવા ઉમળકાથી દોડયો અને કુહાડો લઇ લીધો, તેમજ તેમને સિંહાસને બેસાડ્યા.

આ વખતના આનંદનું વર્ણન શું થાય ? બાજી રમનારને બાજી રમતાં આવડતી હતી, વ્યવહાર અને ધર્મ જાગતા હતા, બન્નેના સ્પષ્ટ ખ્યાલો વિવેકસર જાગૃત હતા એટલે એ બાજીમાં ભૂલ કેમ થાય ? આનંદ પ્રસંગને ઉચિત નાટક કરવાનો હુકમ થયો. ત્યાં વિચારણાનો મોટો મુદ્દો પ્રાપ્ત થાય છે. આ આખું ચિત્ર લખવામાં તો વખત જાય છે; પણ ચિત્ર પટ પર આખો બનાવ એક સપાટામાં આવી જાય છે. શ્રીપાળનો હુકમ થયા છતાં નાટક શરૂ થતું નથી. શ્રીપાળની નવે પત્નીઓ, પ્રજાપાળ મહારાજા, પ્રધાન વર્ગ, આખું લશ્કર અને સૌભાગ્ય સુંદરી અને રૂપસુંદરી ઉચિત સ્થાનકે બેઠા છે, શ્રીપાળે ફરીવાર હુકમ કર્યો પણ નાટક શરૂ થતું નથી. તપાસ કરતા જણાયું કે આગેવાન નટી નાટક કરતાં આંચકો ખાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આખરે તેને ખુલાસો પૂછતાં પોતે મયણાની બહેન સુરસુંદરી છે; અને રાજાને પરણાવ્યા છતાં નગરે પહોંચતાં રાત્રે ધાડ પડી, પોતે ચોરાણી, મહા દુઃખ પામી, છેવટે મહાકાળ રાજાને ત્યાં વેચાણી અને નટી થઇ એ વાત જણાવી અને છેવટે બોલી કે આજે માતા પિતાને નજરે જોયા એટલે તેને પોતાની પૂર્વ સ્થિતિનો ખ્યાલ થયો. પોતાનું સભામાં બોલવું અનુચિત હતું તે સમજાયું, કર્મનો પ્રભાવ સાચો છે એવું ભાન થયું, મયણાની તત્ત્વ બુદ્ધિ પરીક્ષાને પરિણામે થયેલ સાચી હતી એમ તેની ખાત્રી થઇ. આ સર્વ વાતનું ભાન જ્યારે માત પિતા મળ્યા ત્યારે થયું. હવે નટીનો વેશ રાખવો છે કે અસલ સાચા સ્વરૂપે પ્રગટ થવું છે? પણ અત્યાર સુધી તો બાજી ખોટી ખેલાણી છે, તેનો કદિ ખ્યાલ આવે છે? હવે તો માતા પિતાનો બાહ્ય યોગ થયો છે. જો હજુ પણ નટીના ખેલ કરવા હોય, તો નટ તરીકેનો પગાર મળ્યા કરશે, બાકી રાજ્યગાદીના પદપર આરોહણ કરવાની ઇચ્છા હોય તો માબાપ પાસે ઉઘાડી રીતે બહાર પડો, માબાપને સાચી વાત જણાવી દો, અને મૂળ સ્વરૂપે તમે નાચ કરનાર નટી નથી તે કહી દો અને થયેલી સ્થિતિનાં કારણો વિચારી પશ્ચાતાપ કરો. પછી માતા પિતા અરિદમનને બોલાવી તમને ઘટતે સ્થાનકે મોકલવાનો યોગ્ય પ્રબંધ કરશે. અને નહિતર તો ‘ બાજી ભૂલ્યો ’ ‘ બાજી ભૂલ્યો ’ ‘ બાજી ભૂલ્યો ’ એ વાત ખરી જ રહેશે. એ વાતને ખરી–સાચી રાખવામાં જ તમને મહત્તા લાગતી હોય તો તમારો માર્ગ તમે જાણો; અથવા જે માર્ગને કુમાર્ગ માનવાની ભૂલ ભરેલી માન્યતાને અંગે તમે ચાલ્યા છો તેમાં આડા ચાલ્યા, એટલે આંટા માર્યા કરશો અને ખાડા ટેકરામાં અટવાયા કરી ત્રાસ પામશો, તેમાં શી નવીનતા છે? ‘ બાજી ભૂલ્યો ’ તે તો વાત એજ આકારમાં રહેશે.

આવા આવા વિચાર ચાલતા હતા ત્યાં મનપર આવરણ આવવા માંડયું, બગીચામાં મંદ મંદ પવન વાતો હતો તેની લહેરમાં ઉંઘ આવી ગઇ અને વિચારધારા તૂટી ગઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જય જિનાગમ !

(૧)

જય જગત્ જ્યોતિ જિનાગમ ! જય જગેશજન્ય જિનાગમ !
જય જન્મજરાઘ્ન જિનાગમ ! જય જગત્ જ્યોતિ જિનાગમ !

(૨)

તમોહર તત્વનું તારણ, સત્ સ્યાદ્વાદનું સિંચન,
વર વિશ્વવસ્તુનું વર્ણન, જય જગત્ જ્યોતિ જિનાગમ !

(૩)

ચરિતાનુયોગનું ચર્મન, દ્રવ્યાનુયોગનું દર્શન,
ગણિતાનુયોગનું ગર્જન, જય જગત્ જ્યોતિ જિનાગમ !

(૪)

કરનાર કર્મ કદર્થન, પૂરનાર પૂણ્ય પ્રદીપન,
પાનાર પરમપદ પિબન, જય જગત્જ્યોતિ જિનાગમ !

કાન્તિલાલ જે૦ શાહ.

# વર્તમાન સમાચાર.

**ઉપકાર**—પ્રાતઃસ્મરણીય ગુરૂરાજ શ્રી **વિજયાનંદસૂરીશ્વરજીની** આ સાલની આગામી ( જેઠ શુદ ૮ ની ) જયંતી શ્રી સિદ્ધાચળજી પવિત્ર તીર્થે ઉજવવા માટે ગુરૂભક્તિ નિમિત્તે પૂનામાં બીરાજતા સ્વર્ગવાસી ગુરૂદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજશ્રીના પટ્ટધર શ્રીમદ્વિજયવલ્લભસૂરિ મહારાજની સેવામાં રહેતા મુનિ મહારાજશ્રી ચરણ વિજયજીના ઉપદેશથી અને મુંબઇવાળા શ્રાવિકા હીરાકોર બ્હેનની પ્રેરણાથી જુન્નેર નિવાસી સદ્ગત ધર્મબંધુ શેઠ કચુભાઇ ગુલાબચંદના સ્મરણાર્થે તેમની ધર્માત્મા સુપુત્રી શ્રીમતી મણીબ્હેને આ સાલના જયન્તી ખરચ માટે પુરતી રકમ ( પોણાબસો રૂપીઆ ) આ સભાને મોકલાવ્યા છે, જે માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મવિશ્વાસ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૭૫ થી.

જે જે ગુણો તમે પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તે તે ગુણોને જો તમે તમારા માનસિક ભુવનમાં ઉત્પન્ન કરતા રહેશો તો ધીમે ધીમે તે ગુણો તમારા થવા લાગશે. અને તેનો પ્રકાશ તમારા ચ્હેરા ઉપર પણ ચમકવા લાગશે. જો તમે ઇચ્છતા હો કે તમારા મુખમંડળ ઉપર દીવ્યતાનો ભાવ છવાઇ રહે તો પહેલાં તમારે તમારા હૃદયમાં તેવા ભાવો ઉત્પન્ન કરવા જોઇએ. જો તમે ઇચ્છતા હો કે તમારા મુખમંડળ ઉપર તેમજ આચાર વ્યવહારમાં ઉચ્ચતાનો ભાવ દેખાય તો તેને માટે તમારે તમારા વિચારોમાં ઉચ્ચતા લાવવાની જરૂર છે.

આપણા કાર્યનો આધાર આપણા આત્મવિશ્વાસ ઉપર રહેલો છે. ' હું અમુક કાર્ય કરી શકું છું ' .એ વિચારમાં અદ્દભુત શક્તિ ભરેલી છે.

જે મનુષ્યમાં પુરેપુરો આત્મવિશ્વાસ પ્રકટયો હોય છે તે એવી ભાંજગડમાં નથી પડતો કે હું યોગ્ય માર્ગ ઉપર છું કે નહિ, મારામાં કાર્ય સંપાદનની યોગ્યતા છે કે નહિ, તેને તો પોતાના ભવિષ્ય સંબંધી કોઇપણ પ્રકારની ચિંતા રહેતી નથી.

જે મનુષ્ય આત્મવિશ્વાસથી સુરક્ષિત છે તે એ ચિંતાઓથી દૂર રહે છે કે જેનાથી બીજા મનુષ્યો ઘણા જ દબાયલા રહે છે. તેના વિચારો તથા કાર્ય તે બલાઓથી મુકત થઇને સ્વાધીનતા પ્રાપ્ત કરે છે; અથવા બીજા શબ્દોમાં કહીએ તો તે તે કાર્ય તેમજ વિચારોની સ્વાધીનતા મળી જાય છે, જે ઉંચા પ્રકારની કાર્ય સંપાદિકા શકિતની પ્રાપ્તિને માટે ઘણી જ જરૂરની છે.

કોઇપણ મહાન્ સાહસિક કાર્યને માટે સ્વાધીનતાની ઘણી જ જરૂર છે. જે મનુષ્યનું મન ભય, ચિંતા અને શંકાથી ભરેલું હોય છે તે કદિ પણ મહાન કાર્ય કરી શકતો નથી. પ્રભાવશાળી મગજના કાર્યને માટે સંપૂર્ણ સ્વાધીનતાની મહાન્ આવશ્યકતા છે. શંકા અથવા સંદેહ આપણી માનસિક એકાગ્રતામાં બાધક બને છે જે એકાગ્રતા આપણી કાર્ય કરવાની શક્તિનું રહસ્ય છે. આત્મવિશ્વાસ–આત્મશ્રદ્ધા કોઇપણ કાર્યનું મૂળ છે. જીવન વ્યવસાયની પ્રત્યેક શાળામાં એનાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અદ્દભુત પ્રકાશ પડે છે. જે આત્મવિશ્વાસ--આત્મશ્રદ્ધા દ્વારા મનુષ્યોએ મોટા સાહસિક કાર્યો કર્યા છે, મહાન્ વિઘ્નો તથા મુશ્કેલીઓની સામે થઇને તેની ઉપર વિજય મેળવ્યો છે, વિપત્તિઓના પર્વતોને તોડી નાખ્યા છે તે આત્મવિશ્વાસમાં રહેલી બધી અદ્દભુત શક્તિ રહેલી છે તેનું અનુમાન કોણ કરી શકે ?

આત્મવિશ્વાસથી જ આપણી શક્તિ બમણી થાય છે અને આપણી યોગ્યતામાં વધારો થાય છે.

ગમે તેવા મજબુત મનુષ્યમાં પણ જ્યારે આત્મવિશ્વાસ ઓછો થવા લાગે છે ત્યારે તેના પગ પાછા પડવા લાગે છે. વિશ્વાસ—એવી વસ્તુ છે કે જે આપણે આપણી અંદર રહેલ દીવ્યતાનું દર્શન કરાવે છે. વિશ્વાસ જ એવી વસ્તુ છે કે જે પરમાત્માની સાથે આપણું ઐકય કરાવે છે. વિશ્વાસ જ એવી વસ્તુ છે કે જે આપણા હૃદય—કપાટ ઉઘાડી દે છે અને વિશ્વાસ જ એવી ચીજ છે કે જે આપણને અનંતની સાથે મેળવી દે છે જેનાથી આપણને અનન્ત શક્તિ, અનન્ત જ્ઞાન તથા અનન્ત દર્શનનો અનુભવ થવા લાગે છે. આપણું જીવન મહાન્ છે કે સાધારણ, ઉચ્ચ છે કે શુદ્ધ એ વાત આપણી અંતરદ્દષ્ટિ તથા વિશ્વાસની શક્તિ ઉપર નિર્ભર રહેલી છે. અનેક મનુષ્યોને આત્મવિશ્વાસ નથી હોતો, કેમકે તેઓ આત્મવિશ્વાસ શી વસ્તુ છે તેજ નથી જાણતા હોતા. તેઓ એટલું પણ નથી જાણતા કે આત્મવિશ્વાસ જ તેમના અંતરાત્માનો ધ્વનિ છે, એ એક આધ્યાત્મિક કાર્યશક્તિ છે. એ એક એવા પ્રકારનું એવું જ્ઞાન છે કે જે ઇંદ્રિયો દ્વારા પ્રાપ્ત કરેલા જ્ઞાન જેટલું જ સત્ય છે. આત્મવિશ્વાસ આપણા ચિત્તને ઉંચે લાવનાર છે. તેમાં અદ્દભુત પ્રભાવ આપણા આદર્શ પર પડે છે. એ આપણને ઉંચે લાવે છે, અને દિવ્યતા—સફલતાના દર્શન કરાવે છે એ જ સત્ય છે. અને બુદ્ધિનો પ્રકાશ છે. હું તો એટલે સુધી માનું છું કે બચ્ચાંઓને આત્મવિશ્વાસથી પાછા હઠાવવા અને તેઓને કહેવું કે તમારૂં જરા પણ મહત્વ નથી, તમે કાંઇ નથી, તમે અમુક કાર્ય નહિ કરી શકો એ પણ એક અપરાધ છે.

ઘણાં થોડા માતાપિતા તેમજ અધ્યાપકો જાણે છે કે બચ્ચાંઓનું મન કેટલું કોમળ હોય છે અને તેઓને આ જાતના સાહસહીન વચનો કહેવાથી તેઓના ઉપર કેટલો ખરાબ પ્રભાવ પડે છે. એટલું તો નિશ્ચયપૂર્વક કહી શકાય કે સંસારમાં જે કાંઇ દુ:ખ, દરિદ્રતા તથા અસફલતા જોવામાં આવે છે, તેનો મોટો ભાગ હીન પ્રેરણાઓનું જ ફલ છે. ડૉ. હ્યુથી કે જેઓ ન્યુયોર્કની પાઠશાળાઓના ફીઝીકલ ડાયરેકટર છે. તેઓ કહે છે કે આપણી જાહેર પાઠશાળાઓના ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થવાથી અકાળે મરણ શરણ થાય છે. પરીક્ષામાં નાપાસ થવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણો તરીકે આંખોની નબળાઇ, ખરાબ દાંત, પૈષ્ટિક ભોજનનો અભાવ વિગેરે બતાવવામાં આવ્યા છે. બચ્ચાંઓ આપણા બતાવેલા માર્ગપર નથી ચાલતા. તેઓ એમ નથી જાણતા કે અમે શામાટે આટલા બધા અપૂર્ણ છીએ ? તેઓ તો પોતાની અસફળતાથી દુઃખી-ઉદાસ બની જાય છે. તેઓનું સાહસ શિથિલ બની જાય છે, મન નબળું પડી જાય છે. આવાં કારણોને લઇને દર વર્ષે અનેક વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે છે. માત્ર બાળકો ઉપર જ નહિ, પણ વિશ્વાસ પતનનું ખરાબ પરિણામ પશુઓમાં પણ જોવામાં આવે છે. જે ઘોડો દોડવાની સરતમાં પહેલો આવનાર છે તેનો આત્મવિશ્વાસ નષ્ટ કરવામાં આવે, શાબાશીના શબ્દોથી તેને આશ્વાસન ન આપવામાં આવે તો તે કદિપણ સરતનું ઇનામ નહિ મેળવી શકે. જે લોકો ઘોડા વગેરે જાનવરો પાળે છે તેઓએ સૌથી પહેલાં એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે તેઓએ હંમેશાં તેઓમાં આત્મવિશ્વાસનો વધારો કરતા રહેવું. આત્મવિશ્વાસથી જ આપણી શકિતનો વિકાસ થાય છે. વિશ્વાસથી જ આપણામાં એવી શક્તિ આવે છે કે જેથી આપણી યોગ્યતા વધી શકે છે. તેમાંથી વખતોવખત મહાન્ ચમત્કારિક કાર્યો થાય છે. જે કોઈ આપણા આત્મવિશ્વાસમાં વધારો કરે છે તે જ આપણી શક્તિમાં વધારો કરે છે.

સંસારમાં જે જે મનુષ્યો મોટા મોટા કાર્યો કરે છે તે સૌમાં ઉંચા પ્રકારનો આત્મવિશ્વાસ હોય છે. પોતાની શક્તિ ઉપર, પોતાની યોગ્યતા ઉપર, પોતાનાં કાર્ય ઉપર, બળ ઉપર તેઓને પૂરેપૂરો આત્મવિશ્વાસ હોય છે.

આપણે હંમેશાં આપણા આત્મવિશ્વાસ ઉપર જ આધાર રાખવો જોઇયે તથા તેને કદિ પણ નબળો ન બનાવવો જોઇયે. આપણામાં એટલો પૂરેપૂરો આત્મ-વિશ્વાસ હોવો જોઈયે કે જે કર્ય મેં હાથમાં લીધું છે તેને અવશ્ય પુરૂં કરીશ –તેને અવશ્ય અંત સુધી પહોંચાડીશ. સંસારમાં જે જે લોકોએ મોટા મોટા અદ્ભુત કાર્યો કર્યા છે, તે સૌ આત્મવિશ્વાસના તત્વને પકડીને ચાલ્યા હોય છે. જેઓએ જગત્‌ની સભ્યતા ઉચ્ચ પ્રકારની બનાવી છે તે મહાન્ પુરૂષોના જીવનનો અભ્યાસ કરવાથી જરૂર જણાશે કે તેઓએ જ્યારે પોતાનાં કાર્યનો આરંભ કર્યો ત્યારે તેઓ ઘણા જ ગરીબ હતા અને અનેક વર્ષ સુધી તો તેઓને સફલતાનું કશું ચિન્હ પણ દેખાયું ન હતું, છતાં પણ તેઓએ એવા દૃઢ વિશ્વાસથી પોતાનું કાર્ય શરૂ રાખ્યું કે અમને કોઇક દિવસ અવશ્ય સફલતા મળશે જ. અમારા માર્ગપર પ્રકાશ પડશે જ. આ પ્રકારના આશામય અને વિશ્વાસપૂર્ણ વિચારોથી કેવા કેવા અદ્ભૂત આવિષ્કાર પ્રકટ થયા છે ? એ અદ્ભુત આવિષ્કારોના કર્તાઓને કેવી કેવી મુશીબતોની સામે થવું પડયું હશે તેનો ખ્યાલ તમને આવ્યો છે ? શું તમે જાણો છો કે ઘણાં વર્ષ સુધી તો તેઓને સફલતાનું કશું ચિન્હ પણ ન દેખાયું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણાં વર્ષો તેઓએ અંધકારમાં ગાળ્યા, પરંતુ તેઓએ પોતાના આશામય વિચારો ન તજ્યા, આત્મવિશ્વાસને તિલાંજલી ન આપી અને પોતાના મનોદ્દેશને દઢતાપૂર્વક વળગી રહ્યા; છેવટે તેઓને પ્રકાશ મળ્યો, તેઓ સફલ થયા, વર્ષોનો પરિશ્રમ સફલ થયો. જો તેઓએ પોતાના આશામય વિચારો તજી દીધા હોત તો તેઓને કદિપણુ પ્રકાશ ન મળત, અને તેઓએ મહાન્ ચમત્કારિક આવિષ્કારો કરીને જગત્‌ને આશ્ચર્યમાં ગરકાવ ન કર્યું હોત. ચાલુ—

## અર્થ પ્રયોજન–અર્થ ઉપાર્જન કરવાની દિશા.

ગૃહસ્થાશ્રમમાં વર્તતા ભાઇ બ્હેનોને ગૃહતંત્ર ચલાવવા, તેમજ બની શકે તેટલો તે દ્વારા અને તે ઉપરાન્ત પરમારથ સાધવા અર્થ (દ્રવ્ય) ઉપાર્જન કરવાની જરૂર પડે છે. ખરી રીતે દ્રવ્ય ઉપાર્જન કરવા નીતિના ધોરણે ચાલવાથી અનેક જાતના લાભ થાય છે અને અનીતિના માર્ગે ચાલવાથી ગેરલાભ થવા પામે છે. પ્રથમ તો વિચારવું જોઇએ કે ધર્મનીતિને અનુસરી તેનું રક્ષણ અને પોષણ થાય તેમ તેવી રીતે યોગ્ય વ્યવસાય કરવો, તે વડે દ્રવ્ય ઉપાર્જન કરવું જોઇએ. એથી વિરૂદ્ધ વર્તન કરવું ન જોઇએ. સુખપ્રાપ્તિનો એ માર્ગ કહ્યો છે. કેમકે એ રીતે વર્તતાં પ્રાપ્તદ્રવ્યથી સ્વકુટુંબ પોષણાદિક જીવન નિર્વાહ કરવા ઉપરાન્ત જે કંઇ બચવા પામે તેથી યથાયોગ્ય પરમારથ સેવા કરી, પરભવ સુધારણા પણ કરી શકાય છે. પરન્તુ જો ધર્મનીતિને વીસારી ( એક બાજુ મૂકી ) અનીતિ અન્યાયથી અર્થ ઉપાર્જવામાં આવે તો એવા દ્રવ્યથી અંતે અનિષ્ટ પરિણામ આવે. એવું અનીતિનું દ્રવ્ય લાંબો વખત ટકી શકે નહિ, સુખ ભોગવી શકાય નહિ, તેમજ તેમાંથી પરમારથ સાધવા જેવી સદ્‌બુદ્ધિ સુઝે નહિ તેથી આ ભવ તેમજ પરભવ બંને એળે ગૂમાવવા જેવું બને એમ સમજી સંતોષવૃત્તિ ધારીને થોડું ઘણું પણ નીતિના માર્ગે જ દ્રવ્ય ઉપાર્જન કરવાનું ધોરણ રાખવું ઠીક છે. માર્ગાનુસારીપણાનું એ પહેલું શુભાચરણ લેખાય. ઇતિશમ્.

## ખરૂં સુખ સંતોષવૃત્તિમાં છે તે ન ભૂલશો.

લોભ–તૃષ્ણા જેવો મોટો વ્યાધિ નથી અને સંતોષ સમાન કોઇ ઊંચું સુખ નથી. એ જ્ઞાનીનાં હિત વચનો હૈયે ધરી, વિષય તૃષ્ણાદિકના પૂરમાં તણાતા આપણા આત્માને બચાવવા પ્રયત્ન કરશો અને સાચી સંતોષવૃત્તિ આદરશો તો જન્મમરણનાં અનંતા દુઃખમાં છૂટી અંતે શાશ્વત મોક્ષ સુખને મેળવવાને પણ ભાગ્યશાળી થઇ શકાશે. સંસારમાં રહ્યા છતાં પણ સાચી સંતોષવૃત્તિ પકડી જે જે અંશે ઉપાધિથી અળગા થતા જવાશે, એટલે એટલે અંશે આપણે ખરા ધર્મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે લાયક થઇ શકશું. કહ્યું છે કે—'**જે જે અંશે નિરૂપાધિપણું, તે તે જાણો રે ધર્મ.**'

બાહ્યાડંબર—લોક દેખાવો કરવાથી આપણું ઘણું બગડે છે. સાદાઈ અને સંયમથી સંતોષ ગુણની રક્ષાને વૃદ્ધિ થવા પામે છે. એમ કરવાથી જરૂરીયાતો ઘણી ઓછી થઇ જાય છે. જરૂરીયાતો ઓછી થઈ જવાથી થોડીએક ઉપયોગી વસ્તુથી ચલાવી લેવાય છે. તેથી ઘણો સમય અને શ્રમ બચે છે. ઉપરાન્ત અલ્પ દ્રવ્યથી જીવન નિર્વાહ સુખે સુખે થઇ શકે છે. તેથી પોતાને લોભ કે તૃષ્ણાના પૂરમાં તણાવું પડતું નથી. એટલું નહીં પણ લોભીજનોને માટે તેને દયા આવે છે, અને તેઓ સાદાઇ અને સંયમનો સીધો ને કુદરતી માર્ગ ગ્રહણ કરી સુખી થાય એમ ઇચ્છી તેમને પોતાના જ દાખલાથી હિતમાર્ગ સમજાવી ઠેકાણે પાડવા પ્રયત્ન પણ કરે છે. આ રીતે પાપની હાનિ (ઓછાશ) અને સુકૃત્ય–પુન્યની વૃદ્ધિ થવા પામે છે. એટલે કે બાહ્યાડંબર કરવા નકામી જરૂરયાતો વધારવા જે જે પાપમાં પ્રવૃત્તિ કરવી પડતી હતી તે દૂર થઈ, સાદાઇ ને સંયમયોગે ધર્મ–પૂન્યની વૃદ્ધિ થવા પામે છે. **ઇતિશમ્.**

# બોધ વચનો

૧ '**આહારે વ્યવહારે ચ, સ્પષ્ટ વક્તા સુખી ભવેત્.**'—આહાર અને વ્યવહારમાં સ્પષ્ટ નિખાલસપણે બોલી પોતાનો આશય જણાવનાર સુખી થઈ શકે છે.

અન્યથા–હાજી હા કરનાર અથવા મીઠું મીઠું બોલનાર પોતાનો આશય ગુંગળાવી સ્વપરને હાનિરૂપ થાય છે.

૨ '**અપ્રિયસ્ય પથ્યસ્ય વક્તા શ્રોતા ચ દુર્લભ**':—કડવું પણ હિતકારી વચન કહેનારને સાંભળનાર બંને દુર્લભ (કોઇકજ) હોય છે 'કડવું ઓસડ મા પાય' એવું સમજનાર કટુક પણ પરિણામે હિતકારી વચનને મોઢું બગાડયા વગર સાંભળનાર અને અણછુટકે એવું કટુક પણ પથ્યરૂપ વચન કહેનાર કોઇ વિરલા હોય છે. બહુધા તો હાજી હા કરનારા અથવા પરિણામે દુઃખદાયક છતાં મીઠું મીઠું બોલનાર વધારે મળી આવે છે. એ ખરેખર ખેદકારક વાત છે.

૩ **સંપ** (Harmony) જ સુખનું મૂળ અને **કુસંપ** ને કલેશ–દુઃખનું મૂળ જાણી કુસંપને કાપી–કુસંપનાં મૂળ કાપી સુસંપ સ્થાપશે અને સેવશે તેજ સઘળાં દુઃખ–કલેશથી બચી, સુખના ભાગી થઈ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ સંકુચિત-સ્વાર્થી વૃત્તિ તજી, ઉદાર દીલથી ઉદાર ભાવના રાખવાથી કુસંપનો ત્યાગ-અંત અને સુસંપનો આદર કરી, તેને ચિરસ્થાયી બનાવી શકાશે.

'આ મારૂં અને આ પરાયું' એવી ગણના ક્ષુદ્ર જીવોની સંકુચિતને સ્વાર્થ વૃત્તિને લીધે થવા પામે છે. પરન્તુ ઉદાર દીલના મહાશયોને સારી આલમ કુટુંબ સમાન સમજાય છે. શાથી ? નિઃસ્વાર્થ ઉદાર ભાવનાના યોગથી. ઇતિશમ્

---

## 'મલીન વાસના-ભાવનાનું બળ તોડવા પ્રયત્ન.'

આપણા હૃદયમાં જ્યાં સુધી મલીન વાસના-ભાવના ભરી હશે અને તે દૂર કરવા પુરતો પ્રયત્ન નહી કરાય ત્યાંસુધી તેમાં શુભ ભાવના પેદા થઇ શકશે નહીં. જુઓ ! ડુંગળીને કપૂર જેવા સુગંધી પદાર્થોનું ખાતર નાંખી, ખેતરમાં વાવી, તેને સોનાના કળશોથી જળ સિંચન કર્યું હોય, વળી ડુંગળી ઉગતાં તેના પાંદડાને ચંદન અને કસ્તુરી જેવા પદાર્થો વડે ચર્ચ્યા હોય તો પણ તે ડુંગળીની દુર્ગંધી દૂર થઇ શકતી જ નથી. કેમ ? તેમાં તેવી દુર્ગંધી હાડોહાડ વ્યાપી રહેલી છે. માટે ઉપરના દૃષ્ટાન્તથી સાવ નીરાશ નહીં થતાં સાચા દીલથી સતત પ્રયાસ વડે જો દીલમાં જામેલી દુર્વાસના યા મલીન ભાવનાને દૂર કરવા મથન કરવામાં આવશે તો જાતે દિવસે મલીન વાસના દૂર થતાં શુભ પવિત્ર વાસના પ્રગટ થશે. અને પછી શુભ પવિત્ર વાસનાનું જોર વધતું જશે. કહ્યું છે કે--

'પ્રીત અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ ?'
'પ્રીત અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.'
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણ રાશ,
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ.

શ્રીમદ્ દેવચંદ્રજી કૃત પ્રથમ જિનેશ્વરના સ્તવનમાંના ઉપરલા ઉદ્ગારો ( પદ્યો ) ખાસ અર્થ-રહસ્ય સાથે સમજી જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવાથી ઘણો લાભ થવા સંભવ છે.

લે૦ સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

૧ **તત્ત્વાર્થાધિગમ સૂત્ર–મૂળ અને અનુવાદ સાથે**—સંપાદક પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. પ્રકાશક હીરાલાલ ભોગીલાલ શાહ, કિંમત ચાર આના. જૈનતત્ત્વજ્ઞાનથી ભરપૂર ( થોડામાં વિશેષ સમાવેશ ) આ દ્રવ્યાનુયોગનો ગ્રંથ જૈનદર્શનની એક અપૂર્વ ગિતારૂપ છે. દરેક જૈનોએ કંઠસ્થ કરવા જેવો અને જ્ઞેયરૂપ છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દીગંબર જૈન મહાત્માઓએ અનેક ટીકાઓ રચી છે. તેમાં વિશેષ જાણવા પ્રમાણે દીગંબર સંપ્રદાયના કોઇ પૂર્વાચાર્યોએ તો એક લાખ ટીકા બનાવી છે. દરેક જૈન આ ગ્રંથનો નિરંતર અભ્યાસી હોવો જોઇએ. પ્રો૦ હીરાલાલ રસીકલાલ જેવા વિદ્વાન બંધુ પાસે અનુવાદ અને ટીપ્પણો કરાવી, નવરાશના કોઇપણ વખતે સાધનરૂપ થઇ શકે તે માટે પ્રકાશકે ગુટકારૂપે કદ કરાવી પ્રકટ કરી તેમાં શ્રીમાન્ **વિજયવલ્લભસૂરીશ્વરજીની** છબી અને અર્પણ પત્રિકા આપી ગુરૂભક્તિ દર્શાવી છે. અનુવાદ પણ સરલ બનેલ હોવાથી બાળજીવો વિશેષ લાભ લઇ શકે તેવું છે. પ્રકાશકે પોતાની માતુશ્રીનું રૂણ અદા કરવા આ લઘુ ગ્રંથ સાથે નામ જોડી પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરેલ છે. મળવાનું ઠેકાણું નં. ૧૭૧ મમાદેવી મુંબઇ નં. ૨ પ્રકાશકને ત્યાં.

---

૨ **આત્મભાવ દિગ્દર્શન**—લેખક ન્યાયવિશારદ–ન્યાયતીર્થ **શ્રી ન્યાયવિજયજી મહારાજ**, કિંમત ભેટ. વડોદરા ઉપાશ્રયમાં પાંચભાવોના ઉપર મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે આપેલ વ્યાખ્યાનને આ લેખરૂપે પ્રકટ કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં ઔપશમિક ભાવ વગેરે પાંચ ભાવોનું સ્ફૂટ અને વિસ્તૃત વિવેચન, સાથે ગત્યાદિ માર્ગણાઓમાં ભાવ, અને કયા કયા ગુણસ્થાનોમાં કયા કયા ભાવોનો સમાવેશ થાય છે તે તેમજ ભાવોની ચતુર્ભંગીનું સ્વરૂપ આપી ગ્રંથ સમાપ્ત કર્યો છે. લેખક મહાત્માની વિદ્વતાપૂર્ણ કૃતિનો આ લઘુ ગ્રંથ છે કે જે અવસ્ય અભ્યાસ કરવા જેવો છે. પ્રકાશક શ્રી જૈનયુવક સંઘ ઘડીયાળીપોળ–વડોદરા.

---

૩ **જૈન સેનેટરી એસોસીએશન મુંબઇ તરફથી શ્રી જુન્નેર જૈન કોન્ફરન્સ વખતે આરોગ્યતા પ્રદર્શન પ્રસંગે રજુ થયેલ રિપોર્ટ.** આ એસોસીએશન તરફથી જૈન કોમની આરોગ્યતા સંબંધી અવારનવાર માહિતીઓ આપવામાં આવે છે. પ્રથમ આરોગ્યતા સંબંધી જૈનકોમની વર્તમાન સ્થિતિમાં તેમાં જણાવી, અત્યારસુધીમાં સબ કમીટીએ આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા માટે, સાધનો એકઠા કરવા યોજનાઓ કરવા અને પ્રસગે પ્રસંગે મુંબઇ, ભરૂચ અને અમદાવાદ ખાતે સીનેમાદ્વારા જૈનપ્રજાને તેનો લાભ આપી તેઓએ પોતાની પ્રવૃતિ તરફ જૈન પ્રજાનું ધ્યાન ખેંચવા પ્રયત્નો કર્યા છે, વગેરે જણાવી હવે પછી જ્યાં જ્યાં જૈન કોન્ફરન્સ મળે ત્યાં આ સંસ્થાના આવા પ્રચાર કાર્યને ટેકો આપવા નમ્ર સુચના કરી હતી. સાથે આરોગ્યતાનું પ્રદર્શન ખુલ્લું મુકયું હતું અને ડો૦ પ્રાણજીવનદાસ એમ. મહેતાના પ્રમુખસ્થાનેથી એક મનનીય ભાષણ આરોગ્યતા માટે અપાવ્યું હતું જે પેપરોમાં આવી ગયેલ છે. અમો દરેક જૈન બંધુઓને સુચના કરીયે છીયે કે આ સંસ્થાના આવા આરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્યતાના પ્રચાર કાર્યને આર્થિક સહાય આપી તેમના ઉત્સાહ-પ્રચાર કાર્યમાં વધારો કરી આશિર્વાદ મેળવવા જરૂર છે.

૪ ત્રીજી ચોપડી—( જૈન શાળોપયોગી શિક્ષણમાળા ) પ્રકટકર્ત્તા શ્રી મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ—કીંમત સાડાચાર આના. આવૃતિ બીજી તેજ તેની ઉપયોગીતા દેખાય છે. પ્રથમ આવૃતિ કરતાં થોડાઘણા ફેરફાર ઘટાડો અને વધારા સાથે આ બુક પ્રકટ થયેલ છે. પાઠો કુલ ૬૪ છે. કેટલીક ઉપયોગી સૂચનાઓ પણ આપી તેમાં વધારો કર્યો છે.

૫ શ્રી મહાવીર જૈન વિદ્યાલય—ચૌદમો વાર્ષિક રીપોર્ટ-મુંબઇ જેવા શહેરમાં કેળવણીના સાધન અને જરૂરીયાત સહાય ઉત્તેજન માટે આ સંસ્થા ખરેખર ઉપયોગી થઇ પડેલ છે. રીપોર્ટમાં સવિસ્તર હકીકત હોવાથી અન્યને અનુકરણીય છે. કાર્યવાહકોનો ઉત્સાહ, ખંત અને લાગણી આવકારદાયક છે. હિસાબ બરાબર છે, વહીવટની ચોખવટ પણ બરાબર છે અને તે દરેક વખત રીપોર્ટમાં સવિસ્તાર આપવામાં આવે છે. આ સંસ્થાનો જન્મ થયા પછી કેટલા બંધુઓ તેના લાભ લઇ ઉંચી કેળવણી પામ્યા છે અને પામશે તે જૈન બંધુએ વિચારવા જેવું અને ખુશી થવા જેવું છે.

૬ શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ—સં. ૧૯૮૩ ના ભાદરવા શુદ ૧ થી સં. ૧૯૮૫ ના શ્રાવણ વદ ૩૦ સુધીનો રીપોર્ટ તથા હિસાબ. પ્રકટકર્ત્તા મોહનલાલ દીપચંદ ચોકસી માનદ મુખ્ય મંત્રી. ,આ મંડળ નવ વર્ષથી સ્થાપન થયા છતાં ટુંકા વખતમાં ધારવા કરતાં વિશેષ પ્રગતિ કરી શકેલ છે. જૈનસમાજ અને બને ત્યાંસુધી જનસમાજની સેવા કરવાની ધગશ અને સેવા કર્યાના અનેક કાર્યો આ રીપોર્ટમાં જણાય છે. શ્રી શત્રુંજય તીર્થ યાત્રાત્યાગ અને ઉદ્ઘાટન અને આ તીર્થ ઉપર પર્વયાત્રાના દિવસોએ કરેલી સેવા તાજી અને જાહેર છે. એ બધા કરતાં હાલમાં આ મંડળ તરફથી ચાલતી વ્યાયામશાળા અને તેમાં પણ જાતિ કે કોમના ભેદભાવ વગર તેનો અપાતો લાભ અને કાર્યવાહી જનસમાજને આકર્ષે તેવા છે અને જમાનાને જરૂરીઆતવાળું આ કાર્ય પ્રશંસનીય છે. અત્યારે તો આ મંડળ સમાજની પ્રસંગોપાત યોગ્ય સેવા કરે છે તેમ કહેવું પડશે. આમ હોવા છતાં તેમની કોઇ જરૂરીઆત કે તંગી તરત જ પૂરી પાડવા જૈનસમાજે પોતાનો ઉદાર હાથ લંબાવી, તેના સેવા કાર્યોને સહાય આપી આગળ ધકેલવા જોઇએ. આ મંડળ ઉત્સાહી અને કાર્યવાહકો ખંત અને લાગણીવાળા છે, તેમજ સેવાભાવી છે, જેથી આ મંડળ તેમના કાર્યો માટે સંપૂર્ણ વિશ્વાસપાત્ર બનેલ છે. તેમનો આ રીપોર્ટ વાંચતાં આનંદ થાય છે અને તેમનો વહીવટ અને હિસાબ એકંદર યોગ્ય અને ચોખવટવાળો છે. સર્વે બંધુઓએ તેમને તન, મન ધનથી મદદ આપવાની જરૂર છે. અમા તેની ઉન્નાત ઇચ્છીએ.

સુધારો—ગતાંક પૃષ્ટ ૧૬૭ ( શ્રી સંઘ મહાત્મ્યનો લેખ ) ફૂટનોટમાં સર્વ ત્રસ સ્થાવર જીવોમાં સમાનદૃષ્ટિવાળો હોય, અને તપસ્યા કરે, અને શુદ્ધાત્મા હોય તે શ્રાવક કહેવાય છે એમ લખેલું છે તે શ્રાવકને બદલે સાધુ કહેવાય છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો.

( ઉત્તમ પુરૂષોના ચરિત્રોના ત્રણ ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પૂરતા વી૰ પી૰થી રવાના કરવામાં આવેલ છે. જેથી જેઓશ્રીને ન મળ્યા હોય તેઓએ અમોને જણાવવા વિનંતિ છે.

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

**શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.**

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્ત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પવૃક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઈ જાય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની સામાજિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કરનારને ભાન થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન-પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઇએ. રોયલ આઠ પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ટાઈપથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઈડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ જુદું.

---

## જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સમાજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, સમાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; અમુક અંશે અમુક મનુષ્યો તેવી સેવા કરતા-ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ-સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનની તેર ત્રુટીઓ—તેના ઉપાય.

સાન્ફ્રાન્સિસ્કોના જજ મૅકકૉરમીકે માનવજીવનની તેર ભૂલોનું તારણ નીચે મુજબ કર્યું છે:—

( ૧ ) ખરાં અને ખોટાંનું પોતાની માન્યતા મુજબનું જ ધોરણ નક્કી કરવાનો પ્રયત્ન કરવો. ( ૨ ) બીજાઓના આનંદનું પોતાની યોજના ધોરણે માપ કાઢવાની કોશીશ કરવી, ( ૩ ) આ જગતમાં બધાના એકસરખા મત હોવાની આશા રાખવી. ( ૪ ) બીનઅનુભવને ધ્યાનમાં નહિ લેવાની ભૂલ કરવી. ( ૫ ) બધાના સ્વભાવ એકસરખા કરવાની માથાકૂટ કરવી. ( ૬ ) બીન અગત્યની નજીવી બાબતોમાં નમતું નહિ મૂકવું. ( ૭ ) આપણાં કાર્યોમાં સંપૂર્ણતાની આશા રાખવી ( ૮ ) જેનો કાંઇ ઉપાય જ ન હોય એવી બાબતોમાં પણ પોતાનાં તેમજ પારકાનાં હૈયાં બાળવાં ( ૯ ) જે કામ આપણે કરી શકીએ નહિ તે બીજા કોઇથી થઈ જ શકે નહિ એવો ઘમંડ રાખવો. ( ૧૦ ) દરેક માણસને જ્યાં, જેવી રીતે મને જે કાંઇ બની શકે તે મદદ નહિ કરવી. ( ૧૧ ) આપણું પરિમિત, સંકુચિત, અને અલ્પજ્ઞ મન જેટલું સમજી શકે તે જ બસ આખરી સત્ય છે એમ માની બેસવું ( ૧૨ ) બીજાઓની નિર્બળતાનો કાંઇ ખ્યાલ જ નહિ કરવો. ( ૧૩ ) બ્હારની કસોટીથી સમાનતાનો નિર્ણય કરવો.

આવી બાબતમાં લગભગ બધા માણસો સરખી ભૂલ કરે છે.

મી. મેકકોરમીકે જીવનના લાંબા અનુભવ અને મનુષ્ય સ્વભાવમાં રહેલી નૈસર્ગિક નિર્બળતાનો પાકો અભ્યાસ કર્યા પછી જ ઉપરની તેર ભૂલોની શોધ કરેલી જણાય છે; અને જગતમાં અવનવા કલહો તેમજ કંકાસો ચાલી રહ્યા છે તેનું કારણ પણ એજ ભૂલો છે. જજ તરીકે જાતજાતના પક્ષકારોની તપાસ ચલાવવાની ઘણાય જજોને તક મળે છે, પણ જેનામાં અભ્યાસીવૃત્તિનો અભાવ હોય અને જે નિર્મળ બુદ્ધિથી વિચારી શકતો ન હોય તે આવી શોધ કરી શકતો નથી. માનવજીવનની આ ભૂલો શોધનારે તેમાંથી ઉગરવાના માર્ગો શોધી કાઢ્યા છે કે નહિ તે હું જાણતો નથી, પણ મને તો લાગે છે કે ઉપરની ભૂલોમાંથી બચવાને એકમાત્ર ઉપાય 'હૃદયની વિશાળતા' છે. એ સર્વોત્તમ સદ્ગુણ સિવાય ઉકત ભૂલોમાંથી બચવાનો કોઇ આરો જણાતો નથી અને ઉચ્ચ કોટિના નૈતિક સંસ્કારો વગર હૃદયની વિશાળતાની આશા રાખવી એ થોર વાવીને આમ્રફળની આશા રાખવા બરાબર છે.

દૈનિક 'હિંદુસ્થાન' ના એક અંકમાંથી.

For Private And Personal Use Only